Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી

ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૬ ક્રમાંક ૬૭ અંક ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमो त्थु णं भगवओ महावीरस्स

सिरि रायनयरमज्झे, संमीलिय सव्वसाहुसंमइयं ।
पत्तं मासियमेयं, भव्वाणं मग्गयं विसयं ॥ १ ॥

# श्री जैन सत्य प्रकाश

( मासिक पत्र )

વર્ષ ૬ ] ક્રમાંક ૬૭ [ અંક ૭

વિક્રમ સંવત ૧૯૯૭ : વીર સંવત ૨૪૬૭ : ઇસ્વીસન ૧૯૪૧
ફાગણ વદિ ૨ : શનિવાર : માર્ચ ૧૫

## વિ–ષ–ય––દ–ર્શ–ન


| | | | |
|---|---|---|---|
| ૧ | साधारण जिनस्तव | मु. म. श्री. कीर्तिविजयजी | २६१ |
| ૨ | સમિતિને સહાયના | તંત્રીસ્થાનેથી | ૨૬૨ |
| ૩ | परमसुख–द्वात्रिंशिका | मु. म. श्री. जयन्तविजयजी | २६५ |
| ૪ | કેટલાંક ઐતિહાસિક પદો | મુ. મ. શ્રી. કાંતિસાગરજી | ૨૬૮ |
| ૫ | बिकानेरके कुछ प्रतिमालेख | श्री. हजारीमलजी बांठिया | २७३ |
| ૬ | पद्मपुराणकी उत्पत्ति | मु. म श्री. दर्शनविजयजी | २७४ |
| ૭ | જૈનધર્મી વીરોનાં પરાક્રમ | શ્રી. મોહનલાલ દી. ચોકસી | ૨૭૬ |
| ૮ | જૈનધર્મનો વિકૃત ઇતિહાસ | મુ. મ. શ્રી ન્યાયવિજયજી | ૨૭૮ |
| ૯ | માલપુરાના વધુ લેખો | મુ. મ. શ્રી. જ્ઞાનવિજયજી | ૨૮૦ |
| ૧૦ | અષ્ટાપદ મહાતીર્થકલ્પ, પ્રતિષ્ઠાનપત્તન કલ્પ, અપાપાપુરી કલ્પ | શ્રી અંબાલાલ પ્રેમચંદ શાહ | ૨૮૫ |
| ૧૧ | પાપના પડઘા | રતિલાલ દીપચંદ દેસાઇ | ૨૮૯ |
| ૧૨ | મહોપાધ્યાય શ્રી યશોવિજયજી | આ. મ. શ્રી. વિજયપદ્મસૂરિજી | ૨૯૩ |
| | સમાચાર ... ... ... ... ... ... | | ૩૦૦ની સામે |


### પૂજ્ય મુનિરાજોને વિજ્ઞપ્તિ

માસિક ગેરવલ્લે ન જતાં વખતસર પહોંચાડી શકાય તે માટે દરેક અંગ્રેજી મહિનાની ૧૩મી તારીખ પહેલાં પોતાનું સરનામું લખી જણાવવાની પૂજ્ય મુનિરાજોને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

### લવાજમ

વાર્ષિક–બે રૂપિયા ★ છુટક અંક–ત્રણ આના

મુદ્રક : કકલભાઈ રવજીભાઇ કોઠારી પ્રકાશક–ચીમનલાલ ગોકળદાસ શાહ
પ્રકાશનસ્થાન : શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય,
જેશિંગભાઇની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ.
મુદ્રણસ્થાન : સુભાષ પ્રિન્ટરી, સલાપોસ ક્રોસ રોડ, અમદાવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

। वीराय नीत्यं नमः ।

# શ્રી જૈન સત્ય પ્રકાશ

[ વર્ષ ૬ ... ... ... ક્રમાંક ૬૭ .... ... ... અંક ૭ ]

श्रीमुनिसुन्दरसूरि-विरचित

## साधारण जिनस्तव

संग्राहक—मुनिराज श्री कीर्तिविजयजी

( १ )

जय श्रीजिन कल्याण-वल्लीपल्लवनांबुद ! ।
मुनीन्द्रहृदयाम्भोज-विलासवरषट्पद ! ॥

( २ )

तव नाथ! पदद्वन्द्व-सपर्यारसिका जनाः ।
सर्वसम्पत्सुखश्रीभि-र्विलसन्ति सदोदयाः ॥

( ३ )

भूलोके चक्रिताद्या याः, स्वर्लोके चेन्द्रतादयः ।
शिवेऽनन्तसुखाद्यास्ता-स्तव भक्तिवशाः श्रियः ॥

( ४ )

सर्वश्रेयःश्रियां मूलं, ददद् धर्मं समग्रवित् ! ।
योगक्षेमकरो नाथ !, त्वमेव जगतामसि ॥

( ५ )

त्वमेव शरणं बंधु-स्त्वमेव मम देवता ।
तन्मां पाहि भवात् तात !, कुरु श्रेयः सुखास्पदम् ॥

**નોંધ**-આ સ્તવ અવચૂરિ સહિત એક હસ્તલિખિત પ્રતમાંથી મળ્યું છે. સ્તવ સ્વયં બહુ જ સરળ હોવાથી એની અવચૂરિ અહીં નથી આપી. એ હસ્તલિખિત પ્રતના છેડે આ પ્રમાણે પુષ્પિકા આપી છે-"**इति श्रीतपागच्छाधिराज-श्रीमुनिसुन्दरसूरिविरचितसाधारणजिनस्तवावचूरिर्विहिता पं. कनककुशलगणिना प्रथमपाठिसंस्मरणायेति भद्रम्** ।-આ ઉપરથી એમ સ્પષ્ટ સમજી શકાય છે કે મૂળ સ્તવના કર્તા શ્રી મુનિસુન્દરસૂરિજી છે અને અવચૂરિના કર્તા શ્રી કનકકુશલગણિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમિતિને સહાયતા

[ તંત્રીસ્થાનેથી ]

"ધર્મ ઉપર થતા આક્ષેપોને અંગે"
(મુનિસમ્મેલનનો ઠરાવ દસમો)

"આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી (૩) પંન્યાસજી મહારાજ શ્રીલાવણ્ય વિજયજી (વર્તમાનમાં આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્ય સૂરિજી) (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીનો મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલી તૈયાર કરી, શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી. તેમજ એ મંડળીને જોઈતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો."

સં. ૧૯૯૦માં અમદાવાદમાં મળેલ અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મુનિસંમેલને જૈનધર્મ ઉપર થતા આક્ષેપોના જવાબ આપવા માટે ઉપર મુજબ દસમો ઠરાવ પસાર કર્યો અને તે ઠરાવ અનુસાર શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિની સ્થાપના થયા પછી 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નામક માસિક પત્ર પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો એ વાતને છ વર્ષ વીતી ગયાં.

જ્યારે સમિતિ તરફથી 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિકપત્ર પ્રગટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો ત્યારે માસિક પ્રગટ કરવા અંગે તેમજ સમિતિનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યાલય ચાલુ રાખવા અંગે જે ખર્ચ થાય તેની વ્યવસ્થા કરવાની વિચારણા કરવામાં આવી હતી. અને આ વિચારણાના અંતે દર વર્ષે જે કંઈ ખર્ચ થાય તેને પહોંચી વળવા માટે અમુક અમુક સદ્‌ગૃહસ્થો તરફથી વાર્ષિક અમુક રકમની મદદ મળતી રહે એવાં વચનો મેળવવામાં આવ્યાં હતાં. આ વચનો પાંચ વર્ષ માટેની મદદનાં હતાં.

આ રીતે મુનિસમ્મેલનનો ઉપલો ઠરાવ ધ્યાનમાં રાખીને જુદાજુદા પૂજ્ય મુનિમહારાજોએ સમિતિને આર્થિક સહાયતા કરવાનો ઉપદેશ આપવાની તેમજ માસિક માટે લેખો વગેરે મોકલવાની કૃપા કરીને અમને જે સહકાર આપ્યો છે તેની અમે સહર્ષ નોંધ લઈએ છીએ.

પૂજ્ય મુનિસમુદાયના ઉપદેશથી પાંચ વર્ષની મદદનાં જે વચન મળ્યાં હતાં તે પ્રમાણે પાંચ વર્ષ સુધી સમિતિ તેમજ માસિકનું કામ ચાલતું રહ્યું. સં. ૧૯૯૯ના શ્રાવણ માસમાં માસિકનાં પાંચ વર્ષ પૂરાં થવાની સાથે સાથે આ મદદનાં વચનો પણ પૂરાં થતાં હતાં, એટલે આગળ કામ ચાલુ રાખવા માટે ખર્ચની શી વ્યવસ્થા કરવી એ પ્રશ્ન આવી ઊભો રહ્યો. કેમકે 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના માત્ર બે રૂપિયા જેટલા વાર્ષિક લવાજમમાંથી સમિતિ તેમજ માસિકના ખર્ચને પહોંચી વળવું કોઈ રીતે શક્ય ન હતું; આગળ કામ ચાલુ રાખવું હોય તો અમારે બીજી મદદ મેળવવી જરૂરી હતી. એટલે હવે પછીના સમય માટે જૈન ગૃહસ્થો તથા સંસ્થાઓ નીચે જણાવેલા માર્ગમાંથી ગમે તે માર્ગે સમિતિને મદદ કરી શકે એવો નિર્ણય કરવામાં આવ્યો છે:—

[૧] પાંચ વર્ષસુધી દર વર્ષે ૧૦૦, ૨૦૦ કે ૪૦૦ જેવી મોટી રકમની મદદ આપીને સમિતિના સંરક્ષક તરીકે નામ નોંધાવીને. (જેમના તરફથી ઓછામાં ઓછી પાંચસો રૂપિયાની મદદ મળશે તેમને સંરક્ષક ગણાવામાં આવશે.)

[૨] એકી સાથે ૧૦૦, ૨૦૦ જેવી મોટી રકમની મદદ આપીને સમિતિના દાતા તરીકે નામ નોંધાવીને. (જેમના તરફથી ઓછામાં ઓછી એકસો રૂપિયાની મદદ મળશે તેમને દાતા ગણુવામાં આવશે.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[૩] એકી સાથે એકાવન રૂપિયાની મદદ આપીને સમિતિના સહાયક સભ્ય તરીકે નામ નોંધાવીને.

[૪] પાંચ વર્ષ માટે દર વર્ષે અગિયાર રૂપિયાની મદદ આપીને સમિતિના સહાયક સભ્ય તરીકે નામ નોંધાવીને.

આમાંથી ગમે તે માર્ગે મદદ કરનારને 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક હુમેશ માટે ભેટ મોકલવામાં આવશે.

અમને આશા છે કે મુનિસમ્મેલનના સંભારણારૂપ આ સમિતિ તેમજ માસિકને ચાલુ રાખવા માટે ઉદાર જૈન ગૃહસ્થો આમાંથી ગમે તે એક રીતે અવશ્ય મદદ કરશે. તેમજ મુનિસમ્મેલનનો ઠરાવ યાદ કરીને સૌ પૂજ્ય મુનિમહારાજો સમિતિ માટે અવસરે ઉપદેશ આપવાની અવશ્ય કૃપા કરશે.

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, **અમદાવાદ.**

**નોંધ:**–**સમિતિને** ગયાં પાંચ વર્ષ દરમ્યાન જે મદદ મળી છે તેમજ ઉપરની નવી વ્યવસ્થા પ્રમાણે જે મદદ મળી છે તે તેમજ પાંચ વર્ષનો હિસાબ 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

આપ બીજી કોઈ રીતે મદદ ન કરી શકો તો છેવટે માત્ર બે રૂપિયાનું વાર્ષિક લવાજમ ભરીને 'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ગ્રાહક તો જરૂર બનશો અને આપ પોતે ગ્રાહક હો તો બીજાને ગ્રાહક બનવાની પ્રેરણા કરશો !

## આગામી અંક

કેટલાંક અગત્યનાં કામકાજ અંગે "શ્રી જૈન સત્ય પ્રકાશ"નો આગામી અંક ચૈત્ર મહિનાના બદલે ચૈત્ર–વૈશાખના સંયુકત અંકરૂપે વૈશાખ મહિનામાં પ્રગટ થશે. **વ્ય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्रीजिनप्रभाचार्यविरचिता

# परमसुख–द्वात्रिंशिका

संग्राहक – मुनिराज श्रीजयन्तविजयजी

આપણા પૂજ્ય પૂર્વાચાર્યોએ આત્માને અનુલક્ષીને અથવા તો જિનેશ્વરદેવ આદિને અનુલક્ષીને બનાવેલ સ્તુતિ સ્તોત્ર આદિની થોકબંધ કૃતિઓ જૈન સાહિત્યમાં મળી આવે છે. ખરતરગચ્છીય શ્રી જિનપ્રભસૂરિજીકૃત આવી જ એક કૃતિ મળી આવી છે તે અહીં રજૂ કરું છું. ૩૨ અનુષ્ટુપ શ્લોકબદ્ધ આ કૃતિ આત્મલક્ષી હોઇને એકાંતમાં એનું સ્મરણ મનુષ્યના આત્મભાવને જાગ્રત કરીને શાંતિ આપે તેવું છે.

धर्माधर्मान्तरं मत्वा जीवाजीवादितत्त्ववित् ।
ज्ञास्यसि त्वं यदाऽऽत्मानं तदा ते परमं सुखम् ॥ १ ॥

यदा हिंसां परित्यज्य कृपालुस्त्वं भविष्यसि ।
मैत्र्यादिभावनाभाव्यस्तदा ते परमं सुखम् ॥ २ ॥

न भाषसे मृषा भाषां विश्वविश्वासघातिनीम् ।
सत्यं वक्ष्यसि सौहित्यं तदा ते परमं सुखम् ॥ ३ ॥

परपीडां परिज्ञाय यदाऽदत्तं न लास्यसि ।
परार्थं हि परार्थाय तदा ते परमं सुखम् ॥ ४ ॥

यदा लब्धर्ममथनान्मैथुनात् त्वं विरज्यसि ।
ब्रह्मव्रतरतो नित्यं तदा ते परमं सुखम् ॥ ५ ॥

यदाऽमूर्च्छां विधायोच्चैर्धन–धान्यादिवस्तुषु ।
परिग्रहग्रहान्मुक्तस्तदा ते परमं सुखम् ॥ ६ ॥

स्वरे श्रव्ये च वीणादौ खरोष्ट्रीणां च दुःश्रवे ।
यदा सममनोवृत्तिस्तदा ते परमं सुखम् ॥ ७ ॥

इष्टेऽनिष्टे यदा दृष्टे वस्तुनि न्यस्तद्वास्तधीः ।
प्रीत्यप्रीतिविमुक्तोऽसि तदा ते परमं सुखम् ॥ ८ ॥

घ्राणदेशमनुप्राप्ते यदा गन्धे शुभाशुभे ।
राग–द्वेषौ न चेत् तत्र तदा ते परमं सुखम् ॥ ९ ॥

यदा मनोज्ञमाहारं यदा तस्य विलक्षणम् ।
समासाद्य तयोः साम्यं तदा ते परमं सुखम् ॥ १० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सुख-दुःखात्मके स्पर्शे समायाते समो यदा ।
भविष्यसि भवाभावी तदा ते परमं सुखम् ॥ ११ ॥

मुक्त्वा क्रोधं विरोधं च सर्वसन्तापकारकम् ।
यदा शमसुधास्तिकस्तदा ते परमं सुखम् ॥ १२ ॥

मृदुत्वेनैव मानाद्रिं यदा चूर्णीकरिष्यसि ।
मत्वा तृणमिवात्मानं तदा ते परमं सुखम् ॥ १३ ॥

यदा मायामिमां मुक्त्वा परवञ्चकतां पराम् ।
विधास्यस्यार्जवं वर्यं तदा ते परमं सुखम् ॥ १४ ॥

यदा निरीहतानावा लोभाम्भोधिं तरिष्यसि ।
सन्तोषपोषपुष्टः सन् तदा ते परमं सुखम् ॥ १५ ॥

कषायविषयाक्रान्तं भ्रमत् स्वान्तमनारतम् ।
यदाऽऽत्मारामविश्रान्तं तदा ते परमं सुखम् ॥ १६ ॥

यदा गर्वान्वितां व्यर्थां विमुच्य विकथां कथाम् ।
वचोगुप्त्याऽथ गुप्तोऽसि तदा ते परमं सुखम् ॥ १७ ॥

अङ्गोपाङ्गानि डिम्भानां कूर्मवत् संवृतेन्द्रियः ।
यदा त्वं कायगुप्तोऽसि तदा ते परमं सुखम् ॥ १८ ॥

निर्वास्यसि घनं घोरं रागोरगमहाविषम् ।
यदा सदागमाभ्यासात् तदा ते परमं सुखम् ॥ १९ ॥

यदा कृपाकृपाणेन द्वेषं द्वेषं विनाऽपि हि ।
हनिष्यसि सुखान्वेषी तदा ते परमं सुखम् ॥ २० ॥

यदा मोहमयीं निद्रां ध्रुवं विद्रावयिष्यसि ।
अस्ततन्द्रः सदा भद्रस्तदा ते परमं सुखम् ॥ २१ ॥

प्रमादं परिहृत्याऽऽशु यदा सद्धर्मकर्मणि ।
समुद्यतोऽसि निश्शङ्कस्तदा ते परमं सुखम् ॥ २२ ॥

यदा कामं प्रकामं तु निराकृत्य विवेकतः ।
शुक्लध्यानधनोऽसि त्वं तदा ते परमं सुखम् ॥ २३ ॥

यदा मित्रेऽथवाऽमित्रे स्तुति-निन्दां विधातरि ।
समानं मानसं तत्र तदा ते परमं सुखम् ॥ २४ ॥

यदा हर्षं विषादं च करिष्यसि कदाऽपि न ।
सुखे दुःखे समायाते तदा ते परमं सुखम् ॥ २५ ॥

लाभालाभे सुखे दुःखे जीविते मरणे तथा ।
औदासीन्यं यदा ते स्यात् तदा ते परमं सुखम् ॥ २६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यदा यास्यसि निष्कर्मा साधुधर्मधुरीणताम् ।
निर्वाणपदसंलीनस्तदा ते परमं सुखम् ॥ २७ ॥
निर्ममो निरहङ्कारो निराकारं यदा स्वयम् ।
आत्मानं ध्यास्यसि ध्येयं तदा ते परमं सुखम् ॥ २८ ॥
निश्शेषदोषमोक्षाय यतिष्यसि यदा सदा ।
परात्मगुणतां यातस्तदा ते परमं सुखम् ॥ २९ ॥
पोष्यसे सुगुणग्रामैरात्मानं परमात्मना ।
यदा त्वं तत्स्वरूपः सन् तदा ते परमं सुखम् ॥ ३० ॥
यदाऽऽत्मज्ञानसम्पन्नः परमानन्दनन्दितः ।
पुण्य-पापविनिर्मुक्तस्तदा ते परमं सुखम् ॥ ३१ ॥
आत्मपद्मवनं ज्ञानभानुना बोधिं लप्स्यसे ।
यदा जिनप्रभावर्यां तदा ते परमं सुखम् ॥ ३२ ॥

[ આ બત્રીશીનો કવિતારૂપે સુંદર અને હૃદયંગમ અનુવાદ કરવામાં આવે તો ઘણો ઉપકારક થાય એમ છે. ]

## સુધારો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ક્રમાંક ૬૫ માં છપાયેલ 'બાર ભાવના' સંબંધમાં શ્રીમાન્ શેઠશ્રી કુંવરજી આણંદજી તરફથી નીચે મુજબ સુધારો મળ્યો છે. વ્ય.

### 'પૂર્વાચાર્ય વિરચિત બાર ભાવના સંબંધી સ્પષ્ટતા'

"આપના ક્રમાંક ૬૫ના પ્રારંભમાં મૂકેલા ઉપરના મથાળાના લેખમાં આપેલા દુહા પૂર્વાચાર્ય વિરચિત નથી, પરંતુ શ્રી જયસોમમુનિકૃત બાર ભાવનાના પ્રારંભમાં આપેલા દુહાઓ બરાબર અક્ષરશઃ છે. એ ભાવના આપણા સમુદાયમાં બહુ પ્રચલિત છે. સદરહુ બાર ભાવનાના દુહામાં નીચે પ્રમાણે અશુદ્ધિ પણ ઘણી છે.

| દુહા | અશુદ્ધ | શુદ્ધ | દુહા | અશુદ્ધ | શુદ્ધ | દુહા | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | અનિત્ય | અન્યત્વ | ૧૪ | મોહવસુ | મોહવશે | ૨૦ | વલિ | વળી |
| ૪ | જ્યું | જીઉ | ૧૪ | ઇંદ્રી | ઇંદ્રિય | ૨૧ | તયા | તર્યા |
| ૭ | લઇ | લીયે | ૧૫ | સકૃત | સુકૃત | ૨૩ | અવિલોક | અવિલોપ |
| ૮ | શરણું | શરણો | ૧૫ | માલસ | માલ સવી | ૨૩ | પરમાન | પરમાનંદ |
| ૧૦ | દુઃખ જે | જે દુઃખ | ૧૫ | તનગોતહરી | તનુગોતહરે | ૨૩ | સુલોક | રોપ |
| ૧૧ | ગલફાંસ | ગળપાસ | ૧૬ | કજ | કલણ | ૨૫ | રમણ | રયણ |
| ૧૩ | તવ | (ન જોઇએ) | ૧૭ | સ્યું | શું | ૨૯ | ભોજનનભગુણ | પછી '૧૭૦૬' |
| ૧૩ | ઝલકંત | જળકાંત | ૧૯ | પખાલને | પખાળીને | ૨૯ | શુચિ | (અશાડ માસ) |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલાંક ઐતિહાસિક પદ્યો

સંગ્રાહક—મુનિરાજ શ્રી કાંતિસાગરજી

[ ગતાંકથી પૂર્ણ ]

આ માસિકના ગત અંકમાં જે ઐતિહાસિક પદ્યો અંગે વિચારણા કરી હતી, તે મૂળ પદ્યો આ પ્રમાણે છે.

## શ્રી ગજસાગરસૂરિ—ગીત

શ્રી ગજસાગરસૂરિસર ચંગા, ગજગતિ સુમતિ ગુપતિ સુરંગા;
શ્રુતસાગર પરવાર....રંગા, જિનગિરથી આવી શ્રુતગંગા. (૧)

ધરમ મરમ વરમ સુસંગા, આ જ જનમ જેણિ જીત અનંગા;
તપતે જિહાં તુલ્ય પતંગા, ગૌરવરણ ચારિત્ર ચંગા. (૨)

પાલિ સંયમ સંપત દસ ભંગા, અપર મત ભારંડ વિહંગા;
ખેલિ અંગ ઉપાંગ તુરંગા, પાપ કરમથી ન તીન સંગા. (૩)

( ચાલિ )

તૂરેન તિન સંગા ગન્યાન સુરંગા ચાંપસી કુલિચંદ,
કમલાનંદન પાપ નિકંદન વાણી અમૃત કંદ;
વાણી અતિસારી સુણતાં સુખકારી સુણતાં અતિ આનંદ,
બહુ ઉપગારી જેમ નેમિનાથ જિણુંદ. (૪)

શ્રી ગજસાગરસૂરિસર સારા પાટણ નયરહુ અવતારા;
સોલખૂડોતરિ અણુગારા હુઆ પંચ મહાવ્રત ધારા. (૫)

સોલ ચુવીસી જાપિ ભારા ઉછવ કીધા અતિ વિસ્તારા;
ભવ્ય જીવને તારણ હારા જણ જણ આવિ પૂછણ હારા,
દિનદિન જ્ઞાન દીઈ ઉદારા. (૬)

તૂરે જ્ઞાનઉદારા સંયમ પાલિ પંચાચાર,
શુદ્ધ આચારી જોઉ વિચારી આગમઅરથ વિચાર;
મુનિ જનનિં તારિ પાર ઉતારિ આપિ સંયમ સાર,
જિહાં અહિણુ તારાચંદ ઉદારા તિહાં એ ગુરૂનું આધાર. (૭)

( કલસલુ )

શ્રી ગજસાગરસૂરિભૂરિભયભાવઢિ ટાલિ,
શ્રી ગજસાગરસૂરિ પૂરિ સંયમજલિ માહાલિ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી **ગજસાગરસૂરિ** સૂરપણિ સંયમ પાલી,
શ્રી **ગજસાગરસૂરિ** આય શ્રીપવંશ અજુઆલિ,
અંચલગચ્છમહિમા અધિક **શ્રીમતિસાગર**સીસ જયુ;
શ્રી **પુણ્યરત્નસૂરિ**[1] વીનવિ પૂજ્યવાંદી આણંદ ભર્યું (૯)

# વિજયદેવસૂરિ—ગીતો

## [૧]

શ્રી વિજિદેવસૂરીસર વંદુ; નિલવટ સોહિ સારદ ચંદુ; (આંચલી)
કમલ વદન અખીઆં અણીઆલી; ભમહ જુગલ અતિશ્યામ વિશાલી. (૧)
દંતપંતિ હીરા સમ સોહિ; વિદ્રુમ અધર દેખી જન મોહિ. શ્રી૦ (૨)
સાહ **થિરા** કુલિ એ અવતંસ; **રૂપાં** કૂખિ સરોવર હંસ. શ્રી૦ (૩)
કનક વરન જસ કાયા દીપિ; દુર્જય મયણ મહારિપુ જીપિ. શ્રી૦ (૪)
સકલસૂરિ સિર તિલક સમાન; કુમતિ ધૂષ નિવારણ ભાંણ. શ્રી૦ (૫)
ઉપસમ રસ કરી એ ગુરુ ભરીઉ; સકલશાસ્ત્ર તણું એ દરીઉ. શ્રી૦ (૬)
**હીરવિજયસૂરી** પાટિ પ્રભાકર; અગુ અભિનવુ એહ દિવાકર. શ્રી૦ (૭)
**વિજયવિમલ** પંડિતનું સીસ, **વિદ્યાવિમલ** મુનિ દીએ આસીસ. શ્રી૦ (૮)

## [૨]

આસાઉરી (રાગ)

સદ્ગુરૂસું મોરૂં મન મોહ્યું, જિઉં બપ્પીઆ મેહ રે;
**વિજયસેન** સૂરીસર થુણતાં, પુલકિત ભઈ હમ દેહ રે. સદ્ગુરૂ. (૧)
ભવિજન કમલ વિકાસન દિનમણિ, પ્રગટુ એ ગચ્છરાય રે;
**વિજયસેન**સૂરિ સૂરિ સવાઇ, નામિ નવનિધિ થાય રે. સદ્ગુરૂ. (૨)
શશિસમ સોમ વદન ગુરૂજીનું, નિલવટ દીપિ દિણિંદ રે;
કમલ તણી પરિ વિકસિત લોઅણ, રસના અમીઅકુ કંદ રે. સદ્ગુરૂ. (૨)
પંચમહાવ્રત નિરમલ ધારક, પાલક જીવ ષટ કાય રે.
ક્રોધ માન મદ માયા મચ્છર, તિં જીતા મુનિરાય રે. સદ્ગુરૂ (૪)
સાહ **કમા** કુલ મં(દિર) દીપક, **કોડાં** કુખિ હંસ રે;
આગમ શાસ્ત્ર બહુત પઢીનિ, દીપાવુ (ઉ?)સ વંસ રે. સદ્ગુરૂ. (૫)

---

૧ આ પુણ્યરત્નસૂરિએ બનાવેલાં અન્ય કવિત્તો મારા સંગ્રહમાં છે, જે યથાવકાશ પ્રગટ કરવા ભાવના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**હીરવિજયસૂરિ** પાટિ ઉદ્યોતક, **વિજયસેન** સૂરીંદ રે;
તસગચ્છ મંડન પંડિત રંજન, **વિજયવિમલ** મુણિંદ રે. સદ્ગુરૂ. (૬)
તસ પદ કમલ વિમલ રસ સુંદર, જિઉ લીણું ભમર અપાર રે;
**વિદ્યાવિમલ** કહિ એ ગુરૂ સેવું, જિમ હુઈ જયજયકાર રે. સદ્ગુરૂ. (૬)

## વિજયક્ષમાસૂરિ—સ્વાધ્યાયો

### [ ૧ ]

( સુંદર સોભાગી હો સદ્ગુરૂ સેવીઇજી—એ દેશી, મારૂની )

વિનતિ અવધારો પધારો પધારો દક્ષિણ દેશમાંજી, શ્રી **વિજયક્ષમા સૂરીંદ**;
હેવ જુહારો હો વંદાવો શ્રી સંઘનઈ જી, હેજ ધરી મુણિંદ. વિનતિ૦ (૧)
**પાલી** નયરઇં હો પૂજ્યજી જનમિયાજી, મહિયલ મુકુટ સમાન;
સાહ **ચતુરા** કુલગગને દિનમણિજી, **ચતુરંગદે** ઉયરિ નિધાન. વિનતિ૦ (૨)
બાલપણાથી હો બહુ બુદ્ધિઇં ભર્યોજી, ગુણમણિ કેરો ભંડાર;
બિંહું બંધવ સાથઈં હો સંયમ આદર્યોજી, મેલ્હી ધનપરિવાર. વિનતિ૦ (૩)
ગુરૂ ગુણરંજી હો પૂજ્યજી પાટઇં ઠવ્યાજી, સોંપ્યો નિજ ગચ્છ ભાર;
ચંદતણી પરઇં દિનદિન ચઢતી કલાજી, તપગચ્છનો સિણગાર. વિનતિ૦ (૪)
મહિમા ગુણઇં કરી મહિયલ દીપતોજી, જિમ ગ્રહગણમાંહિ ચંદ;
વાંકા વાદી હો સહુ આવી નમ્યાજી, સેવઈ ચરણ અરવિંદ. વિનતિ૦ (૫)
દક્ષિણ દેશઇ હો તીરથ છઇ ઘણાંજી, યાત્રા કરો પ્રભુ તાસ;
**બર્હાનપુરી** હો શ્રી સંઘ વિનવઈજી, સફલ કરો નિજ આસ. વિનતિ૦ (૬)
**વિજયરત્નસૂરિ** પાટિ સોહતા જી, પ્રતપો જિહાં રવિચંદ;
દરિશન દીજ્યઇં હો પૂજ્યજી વિહરતાજી, **ગુલાબ** નમઈં આણંદ. વિનંતિ૦ (૭)

### [ ૨ ]

**વિજયરત્નસૂરિ** પટધરૂં, રંગઈ રૂઅડો હો વાણી વિસ્તાર કે;
સુંદર રૂપ સુહામણી, કુલશુદ્ધ હો ઉસવાલ વિશાલ કે
સહેલી ગચ્છપતિ વંદઇં. (આંકણી) (૧)
**ઉદયાપુર** વર નયરમાં, તિહાં રાજિયો હો રાણો **સંગ્રામ** વીર કે;
સંવત સતર તિહોત્તરઈ, શ્રી સંઘઇં હો વિનવ્યો ગુરૂ ધીર કે. સહે૦ (૨)
ભાદ્રવ સુદિ અષ્ટમી દિનઈ, પદ થાપ્યો હો ગણનઈ આધાર કે;
શાંતિ ગુણે કરી દીપતો, શીલઇં જેહવો હો જંબૂ ગણધાર કે. સહે૦ (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુઝ મન મોહ્યો ખિમા ગુણઇ, મન મોહ્યો હો જિમ ચંદ ચકોર કે;
દરિશન દેખી દિલ ઠર્યો, જિમ નિરખી હો મેહાંનઈ મોર કે. સહે૦ (૪)
માતા **ચતુરં**ગ જાણઈ, જિનઈ જાયો હો તપગચ્છપ્રતિપાલ કે;
સાહ **ચતુરા** પરિ ચંદ્રમા, વધાયો હો અભિભરિ મોતી થાલ કે. સહે૦ (૫)
ગુણ છત્રીસઇ સૂરિના, તિણઈ પ્રગટયો હો મહાવ્રતધાર કે;
આસ્યા પૂરવો સંઘની, રૂડો હો સમકિત શિરદાર કે. સહે૦ (૬)
**વિજયક્ષમાસૂરિ** જગ જયો, ચિરંજીવો હો ગુરૂ કોડિ વરીસ કે;
પંડિત **સુંદર**ચંદનો, કર જોડી હો દીઇ આશીશ કે. સહે૦ (૭)

## શ્રી જિનલાભસૂરિ—ગીતો

### [૧]

(મેંદી રંગ લાગ્યો—એ દેશી)

ધન જિણસાસન જગતમેં રે વાલ્હા, ધન ખરતરગચ્છ ભાગ;
પૂજ થાંરી ધન કરણી, જ્યાંરે ગછપતિ થાંજિસા રે વાલ્હા ભરીયા જસ સોભાગ,
ધન ધન કરણી રાજરી રે વાલ્હા વરણી કિણસું જાય. પૂજ૦ (૧)
ગંગાજલ જિમ નિરમલો રે વા૦, થાંરો શુદ્ધ આચાર પૂ૦;
ગ્યાન તણાં દરીયાલ છો રે વા૦, કિરિયા ખાંડા ધાર પૂ૦ (૨)
ધન તે પુર પાટણ ભલા રે વા૦, ધન તે નગરી ગામ પૂ૦;
ધન તે દેશ સુહામણા રે વા૦, વસતી તે અભિરામ પૂ૦ (૩)
પછિમ દક્ષણ પૂરવ દિસે રે વા૦, ચાવો તીરથ જેહ પૂ૦;
તિતરા સગલા વાંદને રે વા૦, પાવન કીધો દેહ પૂ૦ (૪)
જંગમ તીરથ જેહવા રે વા૦, કહિવાઓ થેં આપ પૂ૦;
તિણ પૂજ થાંનું ભેટતાં રે વા૦, કિમ રહે પાપ સંતાપ પૂ૦ (૫)
પસરી કીરતિ પૂજરી રે વા૦, પુહુતી સમુદ્રાં પાર પૂ૦;
જિમજિમ મ્હેં પિણ સાભલાં રે વા૦, તિમતિમ હરખ અપાર પૂ૦ (૬)
તે તો ભવિય ન વીસરે રે વા૦, જિણ વાંદ્યા ઈક વાર પૂ૦;
વાણી મોહ્યા રાજવી રે વા૦, રૂપેં મોહ્યો સંસાર પૂ૦ (૭)
પૂજ વિચરે જિણ દેસમેં રે વા૦, માંગ્યાં વરસૈ મેહ પૂ૦;
ઈતિ ટલૈ ધરતી ફલૈ રે વા૦, નવલા જાગૈ નેહ પૂ૦ (૮)
સંઘ કરે ઉચ્છવ ઘણાં રે વા૦, માંન દીયૈ મહારાજ પૂ૦;
કુણ છે બીજો થાં જિસૌ રે વા૦, અતિસયધારી આજ પૂ૦ (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાંરે તો શ્રાવક છે ઘણાં રે વા૦, દેસ વિદેસ મઝાર પૂ૦;
મ્હારે પૂજજી થાંજિસા રે વા૦, અવર ન કો સંસાર પૂ૦ (૧૦)
પૂજજી થાંરી દિસિ તણો રે વા૦, વાજે લહર સુવાય પૂ૦;
વહતા આવૈ વાદલા રે વા૦, સેઈ મ્હાંનું ઘણું રે સુહાય પૂ૦ (૧૧)
સગલા શ્રાવક શ્રાવિકા રે વા૦, અરજ કરે વિગતાય પૂ૦;
વલણુ કરે જો ઇણુ દિસા રે વા૦, ગુરૂઆ શ્રી ગચ્છરાય પૂ૦ (૧૨)
મ્હાંનુ નિત ચીતારિ જપો રે વા૦, ધરિજ્યો ધરમ સનેહ પૂ૦;
જિણુ દિસ થાંનું વાંદિસ્યાં રે વા૦, ગિણુસ્યાં ધન દિન તેહ પૂ૦ (૧૩)
સુખ સાતા વરતે ઇહાં રે વા૦, પૂજજીને પરતાપ પૂ૦;
ઉદય હુવૈ વલી સંઘનો રે વા૦, જપજો તેહવો જાપ પૂ૦ (૧૪)
શ્રી **જિનભકિત**સૂરિસિરૂ રે વા૦, થાપ્પા થાનુ પાટ પૂ૦;
શ્રી **જિનલાભસૂરીંદજી** રે વા૦, થાંરે સદા સુખ થાટ પૂ૦ (૧૫)
વસતો ઈણુ પરિ ભાવસું રે વા૦, દિન દિન દે આસીસ પૂ૦;
પ્રતિબોધે અવિચલ સદા રે વા૦, પૂરો સંઘ જગીસ પૂ૦ (૧૬)

## [ ૨ ]

પૂજ પધારોજી પાટીયૈ, પુસ્તક લેજ્યો હાથ, સુગુરૂ મારા રે;
ભાવ ધરી મુંહડાગલૈ, બૈઠો છે શ્રાવક સાથ, સુગુરૂ મારા રે. (૧)
વૈણુ તુમીણાં પુજજી રસભર્યાં, રસભરી થારી વાણી સુગુરૂ મારા રે;
જાણે સુધારસ ઇવતર્યો, ભવિયણુ ભાગ પ્રમાણુ સુગુરૂ મારા રે. (૨)
ચીર પટંબર ઉઢણે, સઝિ નવસિત સિણુગાર સુગુરુ મારા રે;
રંગભર માંડી ગહુંલી, ધરિ નવ નવ પરકારે સુગુરૂ મારા રે. (૩)
પંચ સબદ પાસૈ થુરૈ, થરહરૈ ઘોર અમોલ સુગુરૂ મારા રે;
વલી પાસેં ગોરી તણાં, ગીતાંરાં રમઝોલ સુગુરૂ મારા રે. (૪)
પૂજજી બોલે ગહકતા, દેહસી ધર્મલાભ સુગુરૂ મારા રે;
ધન માંડે ઉંકારતી, પૂજગાજ જાણે આભ સુગુરુ મારા રે. (૫)
ધૂપ ઉખેવો અગરરો, રહીય સભા મહકાય સુગુરૂ મારા રે;
જિમજિમ પૂજતણી વાણી સુંણા, તિમતિમ હરખ ભરાય સુગુરૂ મારા રે. (૬)
જિમજિમ મેહ સુણુતા તાહરા, શ્રીજી વખાંણુ સુગુરૂ મારા રે;
તે **બીલાડા** સંઘ તણી, હુંસ ચઢી પરમાંણુ સુગુરૂ મારા રે. (૭)
એ ગુણુવંતા પૂજજી, થાંરી કહણી રહણી સુગુરૂ મારા રે;
ઈણુ ચુગ ઇણુ સમે કો નહી, સુજસઉ પાવણુહાર સુગુરૂ મારા રે. (૮)
ધન ધન ખરતરગચ્છપતિ, શ્રી જિનલાભસૂરીંદ સુગુરૂ મારા રે;
લલી લલી વાંદે તુમ્હ ભણી, પાઠક શ્રી **રૂપચંદ** સુગુરૂ મારા રે (૯)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# बीकानेरके कुछ प्रतिमालेख

संग्राहक – श्री. हजारीमलजी बांठिया तथा श्री. मोहनलालजी कोचर

बिकानेरमें कोचरोंके मुहल्लेमें श्रीअमीचंदजी कोचरने वि. सं. १९६४में बनवाया हुआ श्रीविमलनाथ भगवानका एक मंदिर है। गत पर्यूषणपर्वके समय हमने उस मंदिरकी मूर्तियोंके लेख उतारे थे जिनमेंके ११ प्रतिमालेख यहां प्रकाशित करते हैं, शेष फिर कभी प्रकाशित करनेकी भावना है।

## धातुप्रतिमास्थ लेख

[ १ ] । सं. १९०३ मा. वदि ५ तिथौ भृगु । श्रीराजनगरे श्रीमाली वीसा भाईचंद खेमचंद श्रीअजितनाथबिंबं कारापितं प्रतिष्ठा. सूरिभिः । श्रीसागर-गच्छे भ. शांतिसागर ।

[ २ ] । सं. १९०३ माघ वद ५ भृगौ अमदावादे उश [ वंशे ] । वृद्धा... ...भार्या वीरकोर श्रीशांतिरायबिंबं कारापितं । भ. श्रीशांतिसागरसूरिभिः प्रतिष्ठितं सागरगच्छे ।

[ ३ ] । सं. १५३० वर्षे माघ वदि २ शुक्रे श्री श्रीमाल. श्रे. करमा भा. टबकू पुत्र जांइया भा. नाकू पुत्र जीवा सोमा माला महराज श्रीराज सहितेन आत्मपुण्यार्थं श्रीमुनिसुव्रतबिंबं का. प्र. श्रीआगमगच्छे भ. श्रीअमर-रत्नसूरीणामुपदेशेन विधिना । छ । लहुलिवास्तव्य ।

[ ४ ] । सं. १५८२ वर्षे श्रीअहम्मदनगर श्री श्रीमालज्ञातीयः व्य० कान्हा भा. करमादे सु. आणंदकेन श्रेयसे श्रीपार्श्वबिंबं का. ।

[ ५ ] । सं. १९०३ मा. वदि ५ सुक्रे श्री......लघुशाखीय सा अमीचन्द श्रीशांतिनाथबिंबं कारापितं तपागच्छे पं. रूपविजयगणि ।

[ ६ ] । संवत १५०३ वर्षे माघ वदि २ रवौ श्री श्रीमालज्ञातीय व्य० हेमा भार्या शाणी सुत सुरा भा. रजाई सुत श्रीरंगसहितेन स्वपितृश्रेयसे भ्रातृवीरा नामेतं श्री श्रीकुंथुनाथ वि (बिं) बं कारितं श्रीनागेन्द्रगच्छे भ. श्रीहेमविमलसूरिभिः । प्रतिष्ठितं गुरुकाकर......।

## मूलनायक श्रीविमलनाथजीकी प्रतिमाका लेख

[७] ॥९०॥ संवत् १९२१ वरषे शाके १७८३ प्रवृत्तमाने शुभकारी माघमासे शुक्लपक्षे ४ दिने गुरुवारे श्री राजनगरवास्तव्य उसवाल ज्ञातीय वृद्ध शाखायां। शेठ श्री खुशालचंद । तत्पुत्र सा वखतचंद । तत्पुत्र सा हिमाभाई । तत्पुत्र सा खेमाभाइ श्रेयोर्थं । श्री विमलनाथजी जिनबिंबं कारापितं । श्री तपागच्छे भ. श्री शांतिसागरसूरि प्रतिष्ठितं । श्रीरस्तु । श्रीः ॥

## पासकी निज बंगलीमें

[८] ॥ सं । १९१२ वर्षे मिगस [र] वदि ५ बुधवार यंत्रमिदं बाई जडाव कवर......गेवरचन्दाभ्यां कारापितं उकेशगच्छे न. (त.) भ. देवगुप्त-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सूरीणां प्रतिष्ठतं च तचिरं तिष्ठतु श्री श्रेयांसनाथस्य । श्री बीकानेरमें

बंगलीके मूलनायकका लेख

[९] ॥ संवत् १९८५ वर्षे शाके १७७० प्रवृत्तमाने माघमासे स्युक पंचवासरे श्री. भ. उपकेशगच्छे वृद्धशाखायां श्रेष्ठगोत्रे वृद्धशाखायां श्रेष्ट गोत्रे वेध (द) समस्त श्रीसिंघेण श्रीश्रेयांसनाथस्य प्रतिष्ठा करापितं श्रीकवलागच्छे भ. श्री देवगुप्तसूरिभिः । श्री ।

[१०] ॥ ९० ॥ सं. १५७६ वर्षे बोथिरागोत्रे सा जाणा पुत्र सा. केल्हणेन भार्या कवरदे पुत्र सा. पता सा. नेना सा. जयवन सा. जगमाल सा घडसीकादि यु. श्री. धर्मनाथ बिंबं कारितं श्री जिनहंससूरिभिः माह वदि ११।

[११] ॥ सं. १५०२ वर्षे फाल्गुन वदि २ दिने उकेशवंशे फसलागोत्रे सा. आजडसंताने सा. पूजा भार्या पूनादे पुत्र सा लालाकेन भार्या:लाखणदे पुत्र सा छाजू तोलादि सहितेन स्वपुण्यार्थं श्री शांतिनाथबिंबं कारितं प्र. श्री खरतरगच्छे श्रीमन् श्रीजिनसागरसूरिभिः ॥ शुभ ॥

# पद्मपुराणकी उत्पत्ति

[ एक दिगम्बरीय शास्त्रके सम्बन्धमें एक दिगम्बर विद्वानका मत ]

लेखक—मुनिराज श्री दर्शनविजयजी

बाबू सूरजभानु वकील-देवबन्दवालेने ता: ५ अगस्त सन १९१८ में अपनी 'पद्मपुराण समीक्षा'की भूमिका में दिगम्बर के तीन पुराणों की उत्पत्ति के लिए लिखा है कि—

"दिगम्बर समाज में राम रावण की कथा के लिए (१) रविषेणाचार्यकृत 'पद्मपुराण' (सत्तासमय विक्रमकी नवमी शताब्दि) (२) गुणभद्राचार्यकृत उत्तरपुराण (सत्तासमय विक्रमकी दसवीं शताब्दि) और (३) सोमसेनमुनिकृत रामपुराण देखनेमें आते हैं ।

" कुछ कथन भेदके साथ 'पद्मपुराण' और वाल्मीकी रामायण के प्रायः सब ही विषय मिलते हैं, परन्तु 'महापुराण' में बहुत से विषय नहीं है और जो कुछ कथन महापुराण में है उसमें और पद्मपुराण के कथन में धरती-आकाशका अन्तर है । परन्तु इन दोनों ग्रन्थोंमें इतना भारी अन्तर होने पर भी इनमें से किसी एकका कथन बहुत कुछ अंशो में वाल्मिकी रामायण से जरूर मिलता है"

'पद्मपुराण' और 'महापुराण' में कई बातोंमें मतभेद है। जैसाकि—

महापुराण-रामका जन्मस्थान—बनारस, माताका नाम सुबाला ।

'पद्मपुराण—रामलक्ष्मणकी जन्मभूमि अयोध्या, रामकी माताका नाम कौशल्या है ।

महापुराण-सीताका जन्म रावण की रानी मन्दोदरी से हुआ, जिस

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



को जन्मते ही खेतमें गाड दी गई। इस पुराण में भामण्डलका कुछ भी जिकर नहीं है।

पद्मपुराण-जनक की रानीने ही सीता और भामण्डल के युगल को जन्म दिया, भामण्डल देवके उठा लेने के बाद राजा चन्द्रगति के यहां पला। यह भामण्डल सीतासे ब्याह करना चाहता था।

महाराजा दशरथ अयोध्याका राजा था। उसने रामलक्ष्मणको बनारसका राजपट्ट-युवराजपद दिया। रामचन्द्र बनमें गया, नारदकी करतूत से रावणने रामका रूप लेकर बनारसके जंगलसे ही सीताका हरण किया वगैरह—

पद्मपुराणमें कैकइ के कहने से रामलक्ष्मण सीताको बनवास मिला, भरत अयोध्याका राजा बना, दंडकारण्यमें खर दूषणके पुत्रका बध और चन्द्ररेखाकी शिकायत के बाद खरदूषणसे युद्ध हुआ। इसी परिस्थितिमें रावणने सीताका हरण किया, यहां जटायु पक्षीका भी प्रसंग वर्णित है वगैरह-

"इसप्रकार महापुराण और पद्मपुराण इन दोनों दिगम्बर जैन ग्रन्थोंकी प्रत्येक बातमें धरतीऔर आकाशका अन्तर है, जिससे यह ही मालूम होता है कि यह दोनों ही कथन किसी तरह भी सर्वज्ञभाषित नहीं है"। (पृ० ।≥)

"इन दोनों ही ग्रन्थोंके कथन कुछ अदलबदल कर (वाल्मीकि) रामायण-से ही लिए गए हैं। अर्थात् वाल्मीकि रामायण को कोइ बात तो पद्मपुराणमें बदली गई है और कोई महापुराण में, परन्तु शेष कथन दोनों ग्रन्थोंमें रामायणसे ही लिखा गया है। (पृ० ।≈)"

"पद्म पुराणके इस कथन में जिस लौकिक ग्रन्थका जिकर है वह अति प्राचीन वाल्मीकि रामायण ही हो सकता है।" (पृ० ॥)

"वाल्मीकि रामायणसे ही राम-रावणकी यह कथा जैनग्रन्थोंमें ली गई है।" (पृ० ॥≈)

"यह बात इन दोनो ग्रन्थोंके मिल जाने से ही पैदा नहीं होती है, बल्कि कोई कोई कथन तो जैनधर्मके बिल्कुल ही खिलाफ पड़ते हैं, जैसे श्री नारद और सिद्धार्थ दो क्षुल्लक महाराजों के कृत्य, राजा सहस्ररश्मिके पिताका, जो जंघाचारण-ऋद्धिधारी मुनि थे, युद्धमें अपने बेटे के पकडे जाने पर उसको छुड़ाने के वास्ते आना और रावणके युद्धकी प्रशंसा करके अपने बेटेको छुड़वाना आदि। इसी ही प्रकार महापुराणमें नारदको ब्रह्मचारी बताते हुए भी उसके बहुत ही खोटे कृत्यका वर्णन करना, फिर भी उसको ऋषि नारद या मुनि नारद कहना। तो साफ ही सिद्ध कर रहा है कि हिन्दू ग्रन्थोंके ऋषि वा मुनि नारद को ही इन जैन ग्रन्थोंमें जिन क्षुल्लक वा जैन ब्रह्मचारी बनाया है। परंतु उसके कृत्य वह ही रहने दिए और उसका भेष भी वही बताया जो हिन्दू ग्रन्थों में वर्णन किया गया है। इस ही कारण हिन्दू ग्रन्थोंके समान इन जैन ग्रन्थों में भी वह ऋषि वा मुनि ही लिखा गया है" (पृ० ॥≈,॥)।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનધર્મી વીરોનાં પરાક્રમ

લેખકઃ-**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી**

( ક્રમાંક ૬૪થી ચાલુ )

**મારવાડના ભંડારીઓ**—ભંડારીની અટકથી ઓળખાતો વર્ગ એ ઓશવાળ જ્ઞાતિમાંનો એ વિભાગ છે કે જે ઘણુંખરૂં રાજ્યમાં અધિકારપદે રહ્યો હોય છે, અર્થાત્ વેપારી નહિ પણ મુસદ્દી વિભાગ છે. મારવાડી સમાજમાં આ વર્ગનું સ્થાન અતિ આગળ પડતું ગણાય છે. જોધપુરમાં આ વર્ગના લગભગ ત્રણસો કુટુંબો છે.

ભંડારીઓ પોતાને અજમેરના ચૌહાણ રાજવીઓના વંશજ જણાવે છે. જો કે વર્તમાનમાં ભંડારી કુટુંબોમાંનાં કેટલાક જયપુર અને કાનપુરમાં વસેલ હોઈ ઝવેરાતનો ધંધો કરતાં પણ દષ્ટિગોચર થાય છે.

રાવ લાખણશી ઉર્ફે લક્ષ્મણસિંહ કે જેને ભંડારીઓ પોતાના મૂળ પુરુષ તરીકે લેખે છે. તેણે અજમેરની ગાદીથી છુટા પડી નાંડોલમાં પોતાની આગવી ગાદી સ્થાપી હતી. શોધખોળ ખાતા તરફથી ટુંકમાં જે વિગતો પ્રગટ કરવામાં આવી છે તે ઉપરથી ચોહાણ વંશી રાજાઓએ અને તેમની રાણીઓએ જૈન દેવાલયોને જુદા જુદા પ્રસંગે આપેલી ભેટો અને અમુક પ્રકારની છુટો યા હક્કોની સારા પ્રમાણમાં નોંધ મળી આવે છે. એ ઉપરથી એક સમયે મારવાડમાં રાજ્ય કરતા વંશ પર જૈનધર્મની કેટલી બધી મહત્ત્વની લાગવગ હતી તેનો ખ્યાલ આવે છે. ચૌહાણ યાને ચાહમાણ વંશમાં સર્વ શ્રેષ્ઠ ખ્યાતિ વરેલ અગ્રણી તરીકે અલ્હણદેવને મૂકી શકાય કે જેણે ઇ. સન ૧૧૬૨ માં નાંડોલના જૈનમંદિરના નિભાવ અર્થે ઘણી ઉદાર સખાવત કરી હતી. એ ઉપરાંત મહિનામાં અમુક દિવસોએ પ્રાણીવધ બિલકુલ કોઈ પણ કરી શકે નહિ એવું ફરમાન બહાર પાડ્યું હતું.

જો કે લક્ષ્મણસિંહ તરફથી દેવામાં આવેલ દાન આદિનો કંઇ ઉલ્લેખ હજુ સુધી હાથ નથી આવ્યો, છતાં નાંડોલની સુરજપોલ ઉપર જે લખાણ કોતરાયેલ છે એ વિક્રમ સં. ૧૨૨૩ ની સાલનું અને કેલ્હણરાજના સમયનું છે, જેમાં લાખણના નામનો ઉલ્લેખ છે. અને વિક્રમ-સં. ૧૦૩૯ ની સાલ તેને માટે જણાવી છે. આ ઉપરથી લક્ષ્મણસિંહનો રાજ્યકાળ નિર્ણિત કરવો મુસ્કેલ નથી. અલ્હણદેવને મહત્ત્વ આપ્યું તેથી લક્ષ્મણસિંહ ઉતરતા ખમીરનો હતો એમ માનવાની જરૂર નથી. એ પણ પોતાના પૂર્વજોની માફક પરાક્રમી અને બહાદુર હતો. એણે અણહિલવાર સુધી પહોંચી જઇ ચોથ ઉઘરાવી હતી અને ચિતોડગઢના રાજા પાસેથી ખંડણી લીધી હતી. આજે પણ નાંડેલમાં એક કિલ્લો મુસાફરોને બતાવવામાં આવે છે, કે જે લોકવાયકા પ્રમાણે આ ખ્યાતિ પામેલા રાજવીની કૃતિ છે.

ભંડારી વંશાવળી પ્રમાણે લાખાને ચોવીસ પુત્રો હતા, જેમાંના એકનું નામ દાદરાવ હતું, નાડલાઇના લેખમાં જે દુદા તરીકે નોંધાયેલ છે, અને ભંડારી સમુદાય જેને પોતાના મુખ્ય અગ્રણી તરીકે લેખે છે. વિક્રમ સં ૧૦૪૯ યાને સન. ૯૯૨માં દાદરાવે સાંડેરક ગચ્છના શ્રી. યશોભદ્રસૂરિના હાથે જૈનધર્મ સ્વીકાર્યો અને ઓશવાળ જ્ઞાતિમાં પ્રવેશ કર્યો. અધિકારની દષ્ટિએ દાદરાવ ભાંડગારિકનો ઓદ્ધો ધરાવતા; જેના હાથમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારાયે ભંડારની ચાવી રહેતી એ અધિકારી ભાંડાગારિક કહેવાતો. આ પ્રમાણેનો અધિકાર વંશપરંપરામાં ઉતરતાં એના વંશજો ભંડારી તરીકે વિશેષ ખ્યાતિ પામ્યા.

જો કે ઉપરની સાલ સ્વીકારવામાં એક મુશ્કેલી ઊભી થાય છે. એવી નોંધ મળે છે કે શ્રી. યશોભદ્રસૂરિ વિક્રમ સં. ૧૦૩૯માં કાળધર્મ પામ્યા, અને એમની પાટ ઉપર ચહુમાણ વંશમાં જે એક આભૂષણરૂપ ગણાતા તે શાલીસૂરિ આવ્યા. આમ જે સાલ કાળધર્મને અંગે સોળમી સદીના એક લેખક તરફથી આપવામાં આવી છે તે જોતા દાદરાવનો જૈનધર્મ પ્રવેશ શ્રી. યશોભદ્રસૂરિના હસ્તે અસંભવિત બને છે ! આમ છતાં આ સંબંધમાં અન્ય કોઇ સબળ પુરાવો ન હોવાથી લોકવાયકાને કિંવા ભંડારી વર્ગની પરંપરામાં ઉતરી આવેલી વાતને ખોટી માનવાનું કારણ નથી.

એ ઉલ્લેખને જે લેખો દ્વારા પુષ્ટિ મળે છે તેનો વિચાર કરીએ તો એ ઉપરથી એટલું તો સહેજ તારવી શકાય તેમ છે કે ચાહમાન વંશના રાજ્ય કાળમાં ભંડારીઓ જ મોટા ભાગે આગળ પડતા ઓદ્ધા ભોગવતા હોઇ, સર્વ વિષયમાં કર્તા કારવતા હતા અને કોઇ કોઇ તો નાના વિભાગ યા પ્રદેશમાં જાગીરો પણ ભોગવતા હતા. નાડલાઇનો લેખ માગ. સુ. ૫ વિક્રમ સં. ૧૧૮૯ નો છે, જેતાં ભંડારી નાગ સીવાનું નામ એક બક્ષિસમાં સાક્ષી તરીકે મૂક્યું છે.

બીજો એક જે વિ. સં. ૧૨૪૧નો છે તેમાં યશોવીર ભંડારીનો Pallaના માલિક તરીકે ઉલ્લેખ છે. ( Palla=પાલા એ જોધપુરની પશ્ચિમે ૭ માઇલપર આવેલ ગામ છે ) જાલોરનો એક લેખ કે જે વિ. સં. ૧૨૪૨ નો છે એમાં પાસુના પુત્ર ભંડારી યશોવીરે મહારાજ સમરસિંહદેવના આદેશથી જૈનમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો એવો ઉલ્લેખ છે. સં. ૧૩૫૨ ની સાલનો મહારાજ સામંતસિંહદેવના રાજ્યકાળનો એક લેખ દર્શાવે છે કે ભંડારી મીગાલ ( Migala )ને દસ્તાવેજ અને સંધિપત્ર આદિની દેખરેખ માટેના અધિકારી તરીકે નિમ્યો હતો. જોધપુરમાં ભંડારી કુટુંબોનો વસવાટ રાવ જોધા ( સં. ૧૪૨૭ થી ૮૯)ના રાજ્યકાળથી મળી આવે છે, કે જેના સમયમાં ભંડારીઓએ પ્રશંસાપાત્ર સેવા બજાવ્યાના ઉલ્લેખ છે. પોતાના નાયક નારોજી અને સમરોજીના હાથ નીચે રાવ જોધા તરફથી તેઓ ઝીલવાડા ( Jhilwara ) આગળ મેવાડના સૈન્ય સામે લડયા હતા અને એને પરાજય પમાડયો હતો. જ્યારથી તેઓ જોધપુરમાં આવી વસ્યા ત્યારથી તેમની રાજ દરબારે લાગવગ વધતી ગઇ અને ધીમેધીમે સંસ્થાનમાં વિશ્વનીય અને જવાબદારીની જગ્યાઓ ઉપર તેઓની નિમણુક થવા માંડી. તેઓ હમેશા જોધારાવને અને તેમના વંશજોને નિમકહલાલ રહેતા આવ્યા છે કે જેથી તેમની ગણના હજુ પણ સ્ટેટના કીર્તિમંત અને વફાદારી સેવકોમાં થાય છે.

શ્રીયુત ટાંક મહાશય લખે છે કે—

'Like the Singhvis, the Bhandaris have handed the sword as well as the pen' અર્થાત્ સીંઘવીની માફક ભંડારીઓએ જેમ તલવાર પકડી જાણી છે એટલે કે તેઓ કુશળ લડવૈયા હતા તેમ અનુભવી મુત્સદ્દી ને ચુનંદા ગણત્રીબાજ પણ હતા. એ માટે હવે પછી વિચારીશું. તે પૂર્વે એકવાર વધુ એટલી ચોખવટ કરીએ જૈનધર્મીવીરોનાં પરાક્રમ આલેખવામાં અમારો ઉદ્દેશ હિંસાની મહત્તા સ્થાપવાનો કે સાચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરાક્રમી બનવામાં યુદ્ધ અને એ દ્વારા હિંસા અનિવાર્ય છે એવું પ્રતિપાદન કરવાનો હરગીજ નથી. હિંસા દોષયુક્ત જ છે અને એ માન્યાતા અબાધિત છે. પ્રશંસનીય વસ્તુ અહિંસા છે. જૈનધર્મના સિદ્ધાંતમાં એ અગ્ર પદ ધરાવે છે એટલુંજ નહિ પણ પાયારૂપ છે. એ ઉમદા ચીજના પ્રણેતા તીર્થંકર મહારાજા છે અને કેવળજ્ઞાનથી તેઓએ એ અમૂલ્ય વસ્તુનું જે સૂક્ષ્મતાથી અવલોકન કર્યું છે એવું હજુ સુધી અન્ય કોઇએ કર્યું નથી અને છદ્મસ્થની બુદ્ધિથી એ બનવું શક્ય પણ નથી.

છતાં જ્યારે આજે સાક્ષરોમાંનો એક વર્ગ જૈનધર્મની અહિંસાને કાયરતા આણવામાં કારણરૂપ લેખે છે, અને ભૂતકાળમાં જૈનોએ દાખવેલી શૂરવીરતાનો અપલાપ કરે છે ત્યારે તેમની ચક્ષુ સામે ઉપરના ઐતિહાસિક બનાવો રજુ કરવા યોગ્ય માન્યા છે. [ચાલુ]

# જૈનધર્મનો વિકૃત ઇતિહાસ

લેખક—મુનિરાજ શ્રી ન્યાયવિજયજી.

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ગયા અંકમાં જૈનેતર લેખકો પાઠ્ય-પુસ્તક તરીકે સ્વીકારવામાં આવતા ઇતિહાસનાં પુસ્તકોમાં પણ જૈન-ધર્મ સંબંધી હકીકતો આપવામાં કેવો છબરડો કરે છે તેનો એક નમુનો આપ્યો હતો. આજે એવો જ બીજો નમુનો રજુ કરૂં છું. આવા પ્રસંગો ઉપરથી જૈનસમાજે જાગ્રત થવાની જરૂર છે.

"શ્રી જૈન સત્ય પ્રકાશ"ના ગતાંકમાં મેં આ સંબંધમાં જે લેખ લખ્યો હતો એ લેખ વાંચ્યા પછી એક મહાનુભાવે ઇતિહાસનું બીજું પુસ્તક પણ મને આપ્યું. આ બીજા પુસ્તકનું નામ પણ "**भारतवर्षका इतिहास**" છે. એમાં વૈદિક કાલનો પરિચય કરાવ્યા પછી લેખકે રામાયણ અને મહાભારતનો પરિચય કરાવ્યો છે. ત્યારપછી છઠ્ઠા અધ્યાયમાં **जैनधर्म और बौद्धधर्म**નો પરિચય આપ્યો છે. આની શરૂઆત **नये धर्मोंकी उत्पत्ति** (નવા ધર્મોની ઉત્પત્તિ) હેડીંગથી કરી છે. લેખક મહાશયે વૈદિક ધર્મ પછી તેના વિરોધરૂપે જૈનધર્મની ઉત્પત્તિ માની છે. પરન્તુ વાસ્તવિક રીતે આ હકીકત સાચી નથી. જૈનધર્મ અનાદિ છે. આગળ વધતાં લેખક જણાવે છે કે "**परन्तु अब कुछ लोग पैसे हूए जो इनका विरोध करने लगे**"। ખરી રીતે હાલના કેટલાએક ઇતિહાસ લેખકો વૈદિક ધર્મના પક્ષ-આગ્રહને વશીભુત થઇ જૈનધર્મને વૈદિક ધર્મના વિરોધમાં નવો ઉત્પન્ન થયેલો માને છે. વાસ્તવમાં આ વાત લગારે ઠીક નથી.

જૈનધર્મ કોઇ પણ ધર્મના વિરોધ માટે ઉત્પન્ન થયો જ નથી. જૈનધર્મની સંસ્કૃતિ અને સિદ્ધાન્ત સ્વતંત્ર અને અનાદિ છે. જૈનધર્મ આત્મધર્મ છે. આ વસ્તુ તરફ લગારે લક્ષ્ય આપ્યા સિવાય આ ઇતિહાસકારો અંગ્રેજ વિદ્વાનોનું અનુકરણ માત્ર કરે છે અને જેમ ફાવે તેમ લખે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભગવાન શ્રીમહાવીરદેવનો બહુ જ સંક્ષિપ્ત પરિચય આપી **"महावीर स्वामिकी शिक्षा"** નામક હેડીંગ નીચે લેખક લખે છે કે–**(१) सच बोलो (२) किसी जीवको न सताना (३) चोरी न करो (४) धन दौलत जमा न करो (५) ब्रह्मचर्य व्रतका पालन करो"।** ખરી રીતે ભગવાન મહાવીરદેવની શિક્ષા નીચે ઘણું લખાય તેમ હતું—છે. પરંતુ જે શિક્ષા લખી છે તે પણ ક્રમશઃ નથી લખી. અહિંસા, સત્ય, અચૌર્ય બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ આ પાંચ મુખ્ય શિક્ષા તો સાધુઓ માટે છે. શ્રાવકો માટે તો બાર શિક્ષાઓ અલગ છે. આ શિક્ષામાં તો સ્યાદ્વાદ, નયવાદ, કર્મવાદ જીવતત્ત્વ વગેરેનો સમાવેશ કરવાની જરૂર હતી. વૈદિક ધર્મમાટે લેખકે જેટલું લખ્યું છે તેના પ્રમાણમાં જૈનધર્મ માટે તો કાંઈ જ લખ્યું નથી. લેખક આગળ લખે છે કે **"उनकी मृत्युके बाद जैनोमें दो दल हो गये थे–दिगम्बर और श्वेताम्बर। महावीर स्वामिने अपने शिष्योंको नग्न रहनेकी आज्ञा दी थी इस लिये वे दिगम्बर कहलाने लगे और दूसरे दलके लोग सफेद कपडे पहननेके कारण श्वेताम्बर नामसे प्रसिद्ध हुए"।**

લેખકે પોતાનાં વચનોમાં જ જે વિરોધ આવે છે તેનો પણ ખ્યાલ નથી રાખ્યો. પ્રથમ તો લખ્યું ભગવાનના નિર્વાણ પછી જૈનોમાં બે દલ–બે વિભાગ થઇ ગયા; પછી બીજી વાર લખ્યું: મહાવીર સ્વામીએ પોતાના શિષ્યોને નગ્ન રહેવાની આજ્ઞા આપી હતી. ખરી રીતે લેખક મહાશયને જૈનધર્મનું જ્ઞાન ન હોવાથી આવી દ્વિમુખી વાતો લખવી પડી છે. ખરી રીતે ભગવાન મહાવીરદેવે પોતાના શિષ્યોને નગ્ન રહેવાની આજ્ઞા આપી ન હતી. ભગવાન મહાવીર પ્રભુના નિર્વાણ પછી લગભગ છસો વર્ષ પછી શ્વેતાંબર દિગંબરના ભેદ પડયા હતા. લેખકે આગળ ઉપર જે લખ્યું છે એ તો એમની અજ્ઞાનતાની હદ જ દેખાડે છે. **"जैन साधु जब बाहर निकलते हैं, अपने मुहपर पट्टी बांध लेते हैं, साथ झाडु भी रखते हैं–जिससे बैठनेके समय स्थानको झाड लेते हैं"।**

જૈન સાધુ બહાર નીકળે છે ત્યારે મોંઢા ઉપર પટ્ટી બાંધી લ્યે છે. આ વાત સાચી નથી. હાં, જૈનધર્મમાં એક એવો સંપ્રદાય નીકળ્યો છે જે સ્થાનકમાર્ગીને નામે પ્રસિદ્ધ છે, તેમના સાધુ દિવસ રાત મોઢા ઉપર મુહપત્તિ બાંધી રાખે છે ખરા, પરંતુ બહાર નીકળે છે ત્યારે પટ્ટી બાંધે છે, એ વાત તો કોઇપણ જૈન સાધુ માટે ઘટતી નથી. આવું જ ઝાડુ શબ્દ માટે છે. ખરી રીતે ઇતિહાસ લેખકોએ બહુ જ નિષ્પક્ષ બની સત્યની શોધ કરી સત્ય વસ્તુ લખવી જોઈએ. ડૉ. ઇશ્વરીપ્રસાદ જેવા લેખક પણ આવું અસત્ય વિધાન લખે પછી બીજાની કેવી આશા રાખવી? આ પુસ્તકના લેખક ડૉ. ઇશ્વરીપ્રસાદ એમ. એ. એલ. એલ. બી. ડી. લીટ છે. આ પુસ્તક ઇ. સ ૧૯૩૯માં પ્રકાશિત થયેલ છે.

આવાં અનેક ઐતિહાસિક પાઠ્ય પુસ્તકોમાં જૈનધર્મ સંબંધી અજ્ઞાનતા ભરેલું લખાણ જોવામાં આવે છે. આ સંબંધી જૈનો તેમજ ભિન્ન ભિન્ન જૈન સંસ્થાઓ તરફથી ઉચિત કાર્યવાહી થવાની જરૂર છે. આવા ભ્રમાત્મક, અસત્ય લખાણો ગમે તેમ કરીને દૂર કરાવવાં જ જોઇએ. અસ્તુ!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માલપુરાના વધુ લેખો

સંગ્રાહક તથા સંપાદક—મુનિરાજ શ્રી જ્ઞાનવિજયજી

'જૈન સત્ય પ્રકાશ'ના વર્ષ ૫, અંક ૧૦, ક્રમાંક ૫૮માં મેં માલપુરાના કેટલાક લેખો રજુ કર્યા હતા. હવે બાકીના કેટલાક લેખ અહીં આપું છું. એ અંકમાં શ્રીમુનિસુવ્રતસ્વામીજીના મોટા મંદિરના ચાર લેખો આપ્યા હતા. (૧) મૂલગંભારાની કુંભી ઉપરનો વિ સં. ૧૬૭૨નો લેખ, જેમાં શ્રી સિદ્ધિચંદ્રજી ગણિએ જિનમંદિર માટે જમીન પ્રાપ્ત કર્યાનો અને બાગલાલ પ્રમુખ માલપુરાના શ્રીસંઘે શ્રીચંદ્રપ્રભજિન પ્રાસાદ જિનમંદિર કરાવ્યાનો ઉલ્લેખ છે તે લેખ. (૨) પરિકરનો લેખ છે, જેમાં સં. ૧૬૭૮માં પરિકર બન્યાનો ઉલ્લેખ છે, સાથે શ્રી ચંદ્રપ્રભમૂર્તિ અને મુખ્ય પરિકર બનાવ્યા અને પ્રતિષ્ઠા કરાવ્યાનો લેખ છે. પ્રતિષ્ઠાપક શ્રી વિજયદેવસૂરિ આજ્ઞાધારક પં. શ્રી જયસાગર છે તે લેખ. (૩) જગદ્ગુરૂ શ્રી હીરવિજયસૂરિજી મહારાજની મૂર્તિનો લેખ છે. વિ. સં. ૧૬૯૦માં શ્રી વિજયદેવસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે. (૪) વર્તમાન મૂલનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીનો લેખ છે. વર્તમાન મૂલનાયકની આ મૂર્તિ વિ. સં. ૧૬૯૧માં વિજામતીય ગચ્છના શ્રીપૂજ્ય કલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી માલપુરાના શ્રાવકોએ બનાવી અને પ્રતિષ્ઠા કરાવી હતી. પ્રતિષ્ઠા તપાગચ્છીય શ્રી વિજયદેવસૂરિજીના આજ્ઞાધારી શ્રી લબ્ધિચંદ્રજીગણિએ કરી હતી.

આ સિવાય વિ. સં. ૧૬૭૨ની એક ધાતુની મૂર્તિનો લેખ પણ આપ્યો હતો.

આ સિવાયના બાકીના લેખો નીચે આપું છું.

આ મંદિરજીમાં ચોવીશ દેરીઓ છે પણ અત્યારે તે ખાલી છે અને બધી પ્રતિમાઓ મૂલગભારામાં બિરાજમાન છે, જેથી હું તો તીર્થંકર દેવોના ક્રમથી જ લેખો આપું છું.

(૧ A) **શ્રી આદિનાથ પ્રભુ**

**(१) * सं. × × × फा. शु. ३ रवि × × सा. पद्मसिंह × × धारू श्राविकया (२) श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं तपागच्छे श्रीसोमसुन्दरसूरिभिः**

(૧ B) **શ્રી આદિનાથ પ્રભુ**

**(१) सं. १४६८ वर्षे प्रागवाट सं. हारा सुत शा. डुंगरेण स्वमातृ 'गांग' श्रेयोर्थं श्रीआदिनाथबिंबं कारितं प्रतिष्ठितं × + सूरिभिः × ×**

---

(૧ A) આ શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ ભરાવનાર શ્રાવકનું નામ પદ્મસિંહ છે. તેમની પત્નીનું નામ ધારૂ છે. પ્રતિષ્ઠાપક તપાગચ્છીય આચાર્ય સોમસુંદરસૂરિજી છે. આમાં સંવત્ ઘસાઇ ગયેલ છે. વચ્ચે પણ અક્ષરો નથી વંચાતા.

* આ લેખોમાં અહીં તેમજ આગળ ઉપર આ રીતે કૌંસમાં જે અંકો આપ્યા છે તે તે મૂળ લેખની તે તે લીટીને બતાવે છે.

(૧ B) આ બીજી આદિનાથ પ્રભુની મૂર્તિ સં. ૧૪૬૮માં પ્રતિષ્ઠિત છે. પોરવાડ જ્ઞાતિના હારાસુત ડુંગરે પોતાની માતા ગાંગ (ગંગા હશે)ના કલ્યાણ અર્થે આ મૂર્તિ ભરાવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨ A) અજિતનાથ પ્રભુ

(૧) શ્રી અજિતનાથ પ્રભુજીની મૂર્તિ છે. લેખ બરાબર નથી વંચાતો. (૨) માત્ર નીચેનું વંચાય છે. **श्री अजित श्रा. सोभागी.**

(૨ B) અજિતનાથ પ્રભુ

**॥ सं० १४६० (६८) वर्षे ज्ये० शु० ७ प्रागवट ज्ञातीय × + भार्या काशलदे सुत शा. वानाकेन भार्या माल्ही सुत पद्मा गांगजादियुतेन (२) अष्टापदावतारार्थं स्व चतुर्विंशति × × अजितनाथबिंबं कारितं प्रति ( ष्ठितं ) तपापक्ष शु० १ सोमसुंदरसूरिभिः**

(૩ A) શ્રી સંભવનાથ પ્રભુ

**(१) सं० १४२२ फा० शु०** × × × × **(२) × × × श्रीसंभवनाथबिंबं श्री सोमसुन्दरसूरिभिः** ( પાછળ લેખ છે પણ વંચાતો નથી. )

(૩ B) શ્રી સંભવનાથ પ્રભુ

**(१) सं० १४८५ वर्षे माघसुदि १० शनौ उपकेशज्ञातीय साह अक भा० गोरी पु० देल्हाकेन भा० वी(२)र × × सहितेन श्रीसंभवनाथबिंबं श्रीपुण्य- निमित्तं कारापितं प्रतिष्ठितं श्री बृ० श्रीवीर × × सूरिभिः ।**

શ્રી અભિનંદન પ્રભુજી તથા બીજા પણ કેટલાક પ્રભુજીના નામવાળી મૂર્તિ નથી મલી.

(૫) શ્રી સુમતિનાથજી

**(१) सं. १५(१४)९५ वर्षे ज्येष्ठ शुदि ११ (२)** × × × × **सुमतिनाथबिंबं प्र० खतरगच्छे श्री जिनसागरसूरिभिः ।**

---

છે. પ્રતિષ્ઠાપક આચાર્યનું નામ વંચાતુ નથી. પરંતુ સં. ૧૪૬૮ની શ્રી સોમસુંદરસૂરિજીની બીજી મૂર્તિઓ હોવાથી કદાચ એ નામ હોય તેમ સંભવી શકે છે.

(૨ A) આ મૂર્તિનો લેખ નથી વંચાતો.

(૨ B) સં. ૧૪૬૦ (૬૮)ની પ્રતિષ્ઠિત શ્રી અજિતનાથ પ્રભુની મૂર્તિ છે. પોરવાલ જ્ઞાતિના શા. વાનાકની પત્ની માલ્હીના પુત્ર પદ્મ અને ગાંગજે અષ્ટાપદાવતાર માટે ચોવીશ પ્રભુમાંથી બીજા અજિતનાથ પ્રભુનું બિંબ કરાવ્યું. પ્રતિષ્ઠા તપાગચ્છાચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીએ કરી છે. ક્યાંક અષ્ટાપદાવતારનું તીર્થ સ્થાપિત થયું હશે જેમાં ચોવીશ તીર્થંકરોની મૂર્તિઓ સ્થાપી છે. ત્યાંની ઘણી ખરી મૂર્તિઓ માલપુરા લાવવામાં આવી છે.

(૩ A) આ સંભવનાથ પ્રભુની મૂર્તિની સં. ૧૪૨૨માં શ્રી સોમસુંદરસૂરિજી મહારાજે પ્રતિષ્ઠા કરવી છે. લેખનો મહત્ત્વનો ભાગ પાછળ રહી ગયેલ છે, મૂર્તિ ઉઠાવી ન શકવાથી તે ભાગ વંચાયો નથી.

(૩ B) ૧૪૮૫માં ઓસવાલ જ્ઞાતીય શ્રાવક સા. અક તેમની પત્ની ગૌરી, પુત્ર દેલ્હાએ તેમની પત્ની વીરા (વીરમદે) આદિએ આ મૂર્તિ પુણ્યાર્થે બનાવી છે.

(૫) સં. ૧૫૯૫ (૧૪૯૫)માં જ્યેષ્ઠ શુદિ ૧૧ શ્રી સુમતિનાથ પ્રભુજીની પ્રતિષ્ઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૬) શ્રી પદ્મપ્રભુજી

(१) ॥ सं० १४९७ माघ शु० ३ उकेशवंशीय सा० विजपाल सुत पाल्हा (२) × × × श्रीपद्मप्रभजिनबिंबं का० प्र० श्रीसोमसुन्दरसूरिभः ।

(૧૧ A) શ્રી શ્રેયાંસનાથ પ્રભુજી

(१) ॥ सं० १४८८ वर्षे प्रागवाट सा० कासाकेन पेढी श्रेयोर्थं श्रीश्रेयांसनाथबिंबं कारितं प्रतिष्ठितं तपापक्षे श्रीसोमसुन्दरसूरिभिः (આટલો લેખ મૂર્તિની પાછળ છે.) सं. १४८८ श्री श्रेयांस सा. काशा × × ( આ લેખ સામેની ગાદીમાં છે ) પ્રતિષ્ઠાપક આચાર્યશ્રીનું નામ નથી વંચાતું श्री वीर × × सूरिभिः વંચાય છે.

(૧૧ B) શ્રી. શ્રેયાંસનાથ પ્રભુજી

(१) ॥ सं० १४९४ फा० ब० ५ प्रागवाट सं० + + × रमादे पुत्र सं० न × × × भा० रजु पुत्र पद्मकेन × × × × (२) आदिकुटुम्बयुतेन श्रीश्रेयांसनाथबिंबं का० प्र० श्रीसोमसुन्दरसूरिभिः

(૧૫) શ્રીધર્મનાથપ્રભુજી

(१) ॥ सं० १५१३ वर्षे ज्येष्ठ वदि ११ गुरौ श्रीमालवंशे आकदुधियागोत्रे श्री. सा. हरीया भा बा. (षा) लहर पुत्र सा. डुंगर सुश्रावकेण ध० × × × (२) जीदा ला (भा) धू परिवृतेन भा० लीला सुश्राविका पुण्यार्थं श्रीधर्मनाथबिंबं का० प्र० श्रीखरतरगच्छे श्रीजिनचंद्रसूरिभिः । ( આટલો ભાગ પાછળ છે. હવે સામેની ગાદીમાં ) सा डुंगर भा. ली (લંગોટનું ચિન્હ) धर्मनाथं प्रणमति ।

(૧૬ A) શ્રીશાન્તિનાથજી

॥ सं. १४६० वर्षे आशा ब० × उकेश ज्ञा० पुरमल (× × × નથી વંચાતું) (૨) નથી વંચાતું (३) श्री शान्तिनाथ बिंबं का० प्रति० प श्रीसोमसुंदरसूरि

---

થયેલી છે. પ્રતિષ્ઠાપક ખરતરગચ્છીય શ્રી જિનસાગરસૂરિજી છે. શ્રાવકોનાં નામ નથી વંચાતાં.

(૬) આ પદ્મપ્રભુજીની મૂર્તિ ઉકેશવંશીય વિજપાલ પુત્ર પાલ્હાએ ભરાવી છે. અને શ્રી સોમસુંદરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે. પ્રતિષ્ઠા સં. ૧૪૯૭નો છે.

(૧૧ A) શ્રી શ્રેયાંસનાથ પ્રભુજી—પોરવાડ જ્ઞાતીય શ્રાવક કાસાકે આ મૂર્તિ બનાવી છે. અને પ્રતિષ્ઠા તપગચ્છાચાર્ય શ્રી સોમસુંદરસૂરિજીએ કરી છે. પાછળના ભાગમાં લેખ પૂરો વંચાય છે. સામે થોડું જ વંચાય છે.

(૧૧ B) શ્રીશ્રેયાંસનાથ પ્રભુજી—સં. ૧૪૯૪માં જેઠ વદિ પાંચમે પોરવાલજ્ઞાતીય સંઘવી × × રંમાદેના પુત્ર × × × ની પત્ની રજુના પુત્ર પદ્મકે પોતાના કુટુમ્બ સહિત શ્રીશ્રેયાંસનાથ પ્રભુજીની મૂર્તિ બનાવરાવી અને શ્રીસોમસુંદરસૂરિજીએ તેની પ્રતિષ્ઠા કરી છે.

(૧૫) શ્રીધર્મનાથજી-વિ. સં. ૧૫૧૩માં જ્યેષ્ઠ વદિ ૧૧ને ગુરૂવારે શ્રીમાલવંશના આકદુધિયાગોત્રના શ્રાવક અને તેમની પત્નીએ મળી આ મૂર્તિ બનાવી છે અને પ્રતિષ્ઠા ખરતર ગચ્છાચાર્ય શ્રીજિનચંદ્રસૂરિજીએ કરી છે. શ્રીધર્મનાથપ્રભુજીની મૂર્તિ છે.

(૧૬A) શ્રીશાન્તિનાથપ્રભુજી—ઉકેશ જ્ઞાતીય પુરમલજીએ સં. ૧૪૬૦માં આ મૂર્તિ બનાવરાવી છે અને શ્રીસોમસુંદરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૯ B) શ્રીશાન્તિનાથપ્રભુજી

(१) ॥ सं० १४६७ वर्षे ज्ये. व. ११ प्रागवट ( લંછન હરિણનું છે. ) (२) देवसुन्दरसूरिभिः ( લેખ પાછળ છે તે વંચાતો નથી. )

(૧૯ C) શ્રીશાન્તિનાથપ્રભુજી

॥ सं. १४८७ आ व. ६ शुक्रे उकेश × शा. शीवराजभार्या (२) श्रीशान्तिबिंबं कारितं प्रतिष्ठितं (३) श्रीसूरिभिः

(૧૯ D) શ્રીશાન્તિનાથપ્રભુજી

(१) ६ ॥ सं. १४९५ वर्षे ज्येष्ठशुदि १ बुधे × × × खाबियागोत्रे श्रीमालज्ञातीय सा. रूपाभार्या जासो पुत्र × रह (२) री भार्या लीलु पुत्र वरसिंघ भार्या पासु पुण्यार्थं श्रीशान्तिनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीजिनसागरसूरिभिः ।

(૨૦) શ્રીમુનિસુવ્રતસ્વામી

(१) ॥ सं. १४७८ (७०) वर्षे ज्ये. शु. ५ प्रागवाट ज्ञातीय × × सुत आकाकेन भा. जासलदे श्रेयोर्थं श्री (२) मुनिसुव्रतबिंबं का. प्र. तपागच्छे × श्रीसोमसुन्दरसूरिभिः

(૨૧ A) શ્રીનમિનાથ પ્રભુજી

श्रीनमीनाथबिंबं બસ આટલું વંચાય છે ( મૂર્તિ શ્યામ છે. )

(૨૧ B) શ્રીનમિનાથજી

(१) ॥ सं. १५०७ वर्षे ज्ये. शु. २ दिने शनिवारे उकेशवंशे उर × ×

---

(૧૯ B) શ્રીશાન્તિનાથપ્રભુજી. સં. ૧૪૬૭માં જ્યેષ્ઠ વદિ ૧૧ પોરવાલ જ્ઞાતીય × × એ મૂર્તિ બનાવરાવી અને શ્રીદેવસુંદરસૂરિજીએ પ્રતિષ્ઠા કરી છે. લેખનો ઘણો ભાગ પાછળ હોવાથી વંચાણો નથી.

(૧૯ C) શ્રીશાન્તિનાથજી વિ. સ. ૧૪૮૭માં ઉકેશ જ્ઞાતીય શા. શિવરાજની પત્ની × × એ શ્રીશાન્તિનાથપ્રભુજીની મૂર્તિ બનાવરાવી છે અને પ્રતિષ્ઠાપકનું નામ નથી વંચાતું **सूरिभिः** આટલું જ વંચાય છે.

(૧૯ D) શાન્તિનાથ પ્રભુજી–સં. ૧૪૯૫માં ખાબીયા ગોત્રીય શ્રીમાલ જ્ઞાતીય રૂપ પત્ની જસુ, પુત્ર × રહરી—(નરહરી હશે?)ની પત્ની લીલુ; તેમના પુત્ર વરસિંહ તેમની ભાર્યા, પાસુએ પોતાના કલ્યાણ માટે શ્રીશાન્તિનાથપ્રભુજીની મૂર્તિ બનાવી છે. પ્રતિષ્ઠાપક શ્રી જિનસાગરસૂરિજી છે.

(૨૦) મુનિસુવ્રતસ્વામી—સં. ૧૪૭૮ (૭૦)માં જ્યેષ્ઠ શુ. ૫ બુધવારે પોરવાલજ્ઞાતીય આકાકની ભાર્યા જાસલદેએ પુણ્યાર્થે શ્રીમુનિસુવ્રતસ્વામીની મૂર્તિ બનાવરાવી છે અને પ્રતિષ્ઠા શ્રીસોમસુંદરસૂરિજીએ કરી છે.

(૨૧ B) શ્રીનમિનાથજી—સં. ૧૫૦૭માં ઉકેશવંશે ઉર × × ગોત્રના શા અર્જુનના પુત્ર સા, મહિરાજના પુત્ર ગોરા પ્રમુખ પરિવારે માલણદેના પુણ્યાર્થે શ્રીનમિનાથજીની મૂર્તિ ભરાવી છે અને પ્રતિષ્ઠા ખરતરગચ્છાચાર્ય શ્રી જિનભદ્રસૂરિજીએ કરાવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोत्रे सा. अर्जुनपुत्र सा महिराजे (२) न पुत्र गोरा प्रमुख परिवारयुतेन मालणदे पुण्यार्थं श्रीनमीनाथबिंबं कारितं प्रतिष्ठि(३) तं श्रीखरतरगच्छे श्रीजिनभद्रसूरिभिः

(૨૪ A) શ્રીમહાવીરપ્રભુજી

(१) ॥ सं. १४८४ वर्षे ज्येष्ठ शुदि ५ दिने सं. भादा भार्या धाती (નથી વંચાતું) (२) (નથી વંચાતું) कारितं श्रीमहावीरबिंबं (३) प्रतिष्ठितं तपागच्छे × + +

(૨૪ B) શ્રીમહાવીર પ્રભુજી

॥ सं. १४७२ आशा. व. २ प्रा. ज्ञा. शा. माहण पु. लाला (लीम्बा) भा. झरु × × नरसिंहेन भा. माल्हा, धनायुतेन स्वश्रेयसे श्रीमहावीरबिंबं का. प्र. तपा श्रीसोमसुन्दरसूरि ( લેખ મૂર્તિના પાછળના ભાગમાં છે. )

(૨૪ C) શ્રીમહાવીર પ્રભુજી

॥६०॥ सं. १५८६ (१४८६) ज्ये. व. ५ शुक्रे × × × भा. ५ सुत गुणराज पुण्यार्थं श्रीमहावीरबिंबं का. प्र. श्री × + × × श्रीजिनवर्द्धनसूरिपट्टे श्रीजिन-चंद्रसूरिभिः

આ સિવાયની કેટલીક પ્રતિમાઓના લેખો નથી. વંચાતા. કેટલાકના લેખો વાંચતા ઘણી મુશ્કેલી પડે છે. કેટલીક મૂર્તિઓમાં લેખ નથી. અમારી પાસે લેખ વાંચવાના કોઇ સાધનો હતાં જ નહિ એટલે જાત મહેનતથી જેટલા લેખો વંચાયા તેટલા જ લીધા છે. આ સિવાય એક કૃત્રિમ લેખ જોયો જે નીચે મુજબ છે.

(१) ॥ सं. १३०८ वर्षे मी. वै. सु. ९ लुणीयागोत्रे साहा शान्तिनाथबिंबं × × + × सूरिभिः + × + ×

આ લેખની લીપી અર્વાચીન છે. ચૌદમી સદીના લીપીલેખો અમે અજમેર મ્યુઝીયમમાં અને અનેક જૈન મંદિરોમાં જોયા છે. એક તો પડિમાત્રામાં હોય છે. અહી તેવું નથી; અને મરોડ પણ જુદી જ જાતનો હોય છે. અહીંના પંદર અને સોલમી સદીના લેખોમાં પણ પડિમાત્રા જોવાય છે. વળી મી० મીતી શબ્દનો પ્રયોગ છે જે અર્વાચીન છે.

લેખ ગાદી ઉપર લખાવાને બદલે પીઠ નીચે કુલા ઉગર કોતરેલો છે. આ ઉપરથી અમને એમ લાગે છે કે કોઇએ કોઇ કારણુસર આ લેખ લખાવ્યો હશે.

હવે જેના લેખ નથી લેવાયા તેનો થોડો પરિચય આપું છું.

---

(૨૪A) શ્રીમહાવીર પ્રભુજી—સં. ૧૪૮૪ના જેઠ શુ. ૫ મે સં. ભાદાની ભાર્યા ધાતીએ આદિએ આ શ્રીમહાવીર પ્રભુની મૂર્તિ બનાવરાવી છે. પ્રતિષ્ઠા તપાગચ્છઆચાર્યે કરાવી છે. નામ વગેરે નથી વંચાતું.

(૨૪ B) સં. ૧૪૭૨માં પ્રાગવટ જ્ઞાતીય શા. માહણુના પુત્ર લાલા તેની ભાર્યા ઝરૂ તેના પુત્ર નરસિંહ તેની પત્ની માલ્હા, ધના વગેરે કુટુમ્બે પોતાના કલ્યાણ માટે શ્રીમહાવીરપ્રભુની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠા શ્રીસોમસુંદરસૂરિજીએ કરાવી છે.

(૨૪ C) સં. ૧૫૮૬—(૧૪૮૬)માં ગુણરાજના પુણ્યાર્થે શ્રીમહાવીરપ્રભુની મૂર્તિ બનાવરાવી છે. પ્રતિષ્ઠા શ્રી જિનવર્ધ્ધનસૂરિજીના પટ્ટધર શ્રી જિનચંદ્રસૂરિજીએ કરાવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

— શ્રી વિવિધતીર્થકલ્પાન્તર્ગત ત્રણ કલ્પ —

# [૧] અષ્ટાપદ મહાતીર્થકલ્પ [૨] પ્રતિષ્ઠાનપત્તન-કલ્પ [૩] અપાપાપુરી (સંક્ષિપ્ત)કલ્પ

— અનુવાદક —

શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, વ્યાકરણતીર્થ

[૧]

## અષ્ટાપદ મહાતીર્થ કલ્પ*

[ કર્તા—ધર્મઘોષસૂરિ ]

શ્રેષ્ઠ ધર્મકીર્તિવાળા શ્રી.ઋષભદેવ ભગવાન જ્યાં છે; અને વિજ્ઞાનંદથી આશ્રિત એટલે પવિત્ર થયેલો તથા દેવોના ઇંદ્રોવડે વંદાએલો એવો ગિરિઓમાં શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧)+ જેમાં અષ્ટાપદના મુખ્ય લાખો દોષોને હરણ કરનાર અષ્ટાપદ-સિંહ હતો અને જ્યાં ઋષભ પણ સિંહ સમાન છે તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨) જેમાં

* આ કલ્પ સિંધી જૈન ગ્રંથમાળા પ્રકાશિત 'વિવિધતીર્થ કલ્પ'ના ૩૧ મા પાને છપાયેલ છે.
+ અહીં તેમજ આગળ જ્યાં જ્યાં કૌંસમાં અંક આપ્યા છે તે મૂળકલ્પના તે તે શ્લોકને બતાવે છે.

---

(૧) લીલા ( કંઇક કાળાશ પડતા ) રંગની સુંદર પ્રતિમાજી છે. લેખ નથી વંચાતો.

(૨) શ્રાવકનું નામ જ માત્ર વંચાય છે. નથી તો ભગવાનનું નામ વંચાતું, નથી પ્રતિષ્ઠાપક આચાર્યનું નામ વંચાતુ નથી સંવત દેખાતો.

(૩) બે સુંદર શ્યામ મૂર્તિઓ છે. લેખ નથી વંચાતો.

(૪) સં. १४६२ वर्षे मा. × ९ આ સીવાય બીજુ કાંઈ નથી.

સં. १४६२ वर्षे मा. × આ સિવાય બીજું નથી વંચાતુ.

(૫) સુંદર સફેદ મૂર્તિ છે. લેખ નથી દેખાતો.

(૬) ॥९०॥ संवत १४६४ आशा. शु. १३ प्रागवट ज्ञातीय सा जगसी भार्या जाकु सुत सा. केल्हा कदुआ (२) माला जयतारणसिंह × पुत्रादि + + + × नार्थबिंबं कारितं प्रतिष्ठितं श्रीसूरिभिः

આ મૂર્તિ વિ. સં. ૧૪૬૪માં પોરવાલ જ્ઞાતીય સા. જગસી; તેમની ભાર્યા જાકુના પુત્રો સા. કેલ્હા. કુદુઆમાલા, અને જયતારણસિંહ; અને તેમના પુત્ર પરિવારે બનાવી છે. ભગવાનનું નામ નથી વંચાતું. લંછનાદિ બરાબર નથી ઓળખતાં. પ્રતિષ્ઠાપક તરીકે શ્રી સૂરભિઃ દેખાય છે. આ સિવાય કેટલીએક ધાતુ મૂર્તિના લેખો પણ છે જે હવે પછી જોઈ શું.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રેષ્ઠ ઋષિઓ સમાન બાહુબલિ વગેરે ઋષભદેવના નવ્વાણુ પુત્રોએ મોક્ષ મેળવ્યું તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૩) વિયોગભીરૂ એવા દશ હજાર ઋષિઓએ જ્યાં પ્રભુની સાથે જ મોક્ષપદને પ્રાપ્ત કર્યું તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૪) જ્યાં અષ્ટપુત્રના નવ્વાણું પુત્રો ઋષભદેવની સાથે જ એક સમયમાં મોક્ષે ગયા તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૫) જ્યાં ઇન્દ્રે, પ્રત્યક્ષ ત્રણ રત્નો જેવા, ત્રણ ચિતિ (અગ્નિદાહ) સ્થાને ત્રણ સ્તૂપ સ્થાપ્યા તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૬) જ્યાં સિદ્ધોનાં રહેઠાણ સમાન, ચાર પ્રકારનાં સિંહાસનોવાળું મંદિર શ્રી. ભરતે બનાવ્યું તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૭) જ્યાં એક યોજન પ્રમાણ લાંબું, તેથી અડધા વિસ્તારવાળું અને ત્રણ કોશ ઊંચું એવું મોટું ચૈત્ય શોભે છે તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૮) જ્યાં ભરતે પોતાની સહિત પોતાના ભાઈઓની અને ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ બનાવી તે શ્રેષ્ઠ અષ્ટાપદ જય પામે છે. (૯) પોતપોતાની આકૃતિ, પ્રમાણ, વર્ણ અને લાંછનથી વર્તમાન જિનેશ્વરનાં બિંબો ભરતે અહીં બનાવ્યાં તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૦) જ્યાં પ્રતિમાઓ સહિત નવ્વાણું ભાઈઓના સ્તૂપો તથા અરિહંત ભગવાન (શ્રી. ઋષભદેવ)નો સ્તૂપ, ચક્રવર્તીએ (ભરતરાજે) બનાવ્યા તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૧) ભરતરાજે મોહરૂપી સિંહને મારવા માટે જાણે અષ્ટાપદ ન બનાવ્યો હોય તેમ સોનાનો આઠ યોજન વિસ્તારવાળો જે શોભે છે તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૨) જેમાં ભરત ચક્રવર્તી વગેરે અનેક ક્રોડ મહર્ષિઓ સિદ્ધિ પામ્યા તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૩) જ્યાં સુબુદ્ધિએ સર્વાર્થસિદ્ધ–મોક્ષપદને પામેલ. ભરતરાજ જેવા રાજર્ષિઓની વાતો સગર રાજાના પુત્રો (૬૦૦૦૦ પુત્રો) પાસે કહી તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૪) જ્યાં સાગર જેવા વિચારવાળા સગરપુત્રોએ ચારે બાજુથી યત્નતું (પુણ્ય!) રક્ષણ કરતાં સાગરની જ ખાઈ કરી તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૫) જે જૈન (પર્વત) નિરંતર મોજાં રૂપ હાથો વડે પોતાનાં પાપો ધોવાને જ જાણે ગંગામાં આશ્રિત થયો છે તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૬) જ્યાં દમયંતીએ જિનેશ્વરપ્રભુને તિલક કરવાથી (પોતાના) કપાળમાં સ્વભાવથી જ તિલક (સૌભાગ્ય ચિહ્ન) રૂપ યોગ્યફળ પ્રાપ્ત કર્યું તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૭) જ્યાં બાલિએ કોપથી પોતાના ચરણ વડે દબાવીને યમના સમુદ્રમાં નખાતા રાવણને ખૂબ રડાવ્યો તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૮) જ્યાં જિનેશ્વર પ્રભુનો મહોત્સવ કરતા રાવણે હાથની નસ વડે તંત્રી–તાંત બનાવીને ધરણેન્દ્રથી વિજયની અમોઘ શક્તિ મેળવી તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૧૯). જ્યાં ગણધર મહારાજે પશ્ચિમાદિ દિશાઓમાં ચાર, આઠ, દસ, અને બે–એમ જિનેશ્વર પ્રભુઓનાં બિંબોને વંદન કર્યું તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨૦) જે મનુષ્ય આ પર્વતમાં જિનેશ્વર પ્રભુને પોતાની શક્તિથી વંદન કરે છે તે અચલ–સ્થિર ઉદ્દલપણાને પામે છે, એમ શ્રી વીરપ્રભુએ વર્ણવ્યું છે તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨૧) દશ પૂર્વધારી પુંડરીક સ્વામી, પ્રભુએ કહેલા પુંડરીક અધ્યયનના ભણવાથી, અહીં દશમા (દેવલોકે) દેવ થયા તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨૨) જ્યાં જિનેશ્વર પ્રભુની સ્તુતિ કરનાર શ્રી. ગૌતમ ગણધરે એકસો પંદર તાપસોને દીક્ષા આપી તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨૩) એ પ્રકારે મેરુપર્વત સમાન સુવર્ણમય અને લાંબા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમય સુધી રહેનાર મહાતીર્થ અષ્ટાપદનું વર્ણન કર્યું. તે શ્રેષ્ઠ અષ્ટાપદ પર્વત જય પામે છે. (૨૪).

॥ ઇતિ શ્રીઅષ્ટાપદ મહાતીર્થ કલ્પ ॥

[ ૨ ]

## પ્રતિષ્ઠાનપત્તન કલ્પ*

જ્ઞાનશીલ અને ગોદાવરી (નદીના તીર) થી પવિત્ર (થયેલું), તથા મહારાષ્ટ્ર(દેશ)ની લક્ષ્મીના મસ્તકમાં રત્નના આભૂષણ સમાન અને આંખને ઠંડક આપનારાં ચૈત્યો તેમજ મહેલો વડે સુંદર એવું શ્રી. પ્રતિષ્ઠાન નામનું નગર જય પામો. [૧] અહીં અડસઠ લૌકિક તીર્થો અને બાવન વીરો ઉત્પન્ન થયા છે. (વળી) અહીં વીરોનું ક્ષેત્ર હોવાથી પ્રૌઢ તેજવાળા સૂર્યસમાન રાજાઓનો (પણ) પ્રવેશ નથી થતો. [૨] કાચબાના લાંછનવાળા જિનેશ્વર (શ્રી. મુનિસુવ્રતસ્વામી) આ નગરથી રાત્રે જ અહીં (પ્રતિષ્ઠાનપુર) થી સાઠ યોજન પ્રમાણ માર્ગને ઉલ્લંઘન કરી ઘોડાઓને બોધ કરવા માટે ભૃગુપુર (ભરૂચ નગર) માં ગયા. [૩] જિનેશ્વર પ્રભુ (શ્રી. મહાવીર સ્વામી) ના મોક્ષ થયા પછી ૬૬૩ વર્ષ વ્યતીત થતાં આર્ય કાલકે (કાલકાચાર્યે) ભાદરવા સુદિ ચોથના દિવસે વાર્ષિક (સંવત્સરી) પર્વ કર્યું. [૪] અહીં ઘરોની શ્રેણીને જોવાથી બુદ્ધિશાળી મનુષ્ય આશ્ચર્યકારી અને જોવા યોગ્ય એવા દેવતાના વિમાનોનો માર્ગ પણ તે જ ક્ષણે છોડી દે છે. [૫] આશ્ચર્યકારી ચારિત્રવાળા શાતવાહન વગેરે રાજાઓ અહીં થયા, અને ઘણા પ્રકારના દેવતાઓથી અધિષ્ઠિત એવા આ નગરમાં ઘણીએ દાનશાળાઓ હતી. [૬] અહીં રાજાઓના આગ્રહથી કપિલ, આત્રેય, બૃહસ્પતિ, પંચાલ વગેરે (વિદ્વાનો) એ, પોતાના ચાર લાખ શ્લોક પ્રમાણ અર્થવાળા એક [એક] શ્લોકનો વિસ્તાર કર્યો. [૭] તે આ શ્લોક છે. આત્રેયે **जीर्णे भोजनम्**–[પાચન થતાં ભોજન કરવું], કપિલે **प्राणीनां दया**–[પ્રાણીઓ ઉપર દયા રાખવી,] બૃહસ્પતિએ **अविश्वासः** (અવિશ્વાસ) પંચાલે **स्त्रीषु मार्दवम्** (સ્ત્રીઓ પ્રત્યે મૃદુભાવ રાખવો) (અર્થાત્ દરેકે આ શરૂઆતના પદવાળા ચાર શ્લોક પર ચાર લાખ શ્લોક પ્રમાણવાળા ગ્રંથોની રચના કરી છે.) [૮] આંખમાં અમૃતના સિંચન સમાન, સારી દૃષ્ટિવાળા (મનુષ્યરૂપ) મોરોને માટે મેઘની ઘટા સમાન એવી લેપવાળી (ધાતુની) જીવતસ્વામી (મુનિસુવ્રત સ્વામીના જીવતાં જ બનાવેલી) શ્રી. મુનિસુવ્રતસ્વામીની પ્રતિમા અહીં (પ્રતિષ્ઠાનપુરમાં) જય પામે છે. [૯] આ (પ્રતિમા)ને અગિયાર લાખ પંચ્યાસી હજાર આઠસો ને છપ્પન (૧૧૮૫૮૫૬) વર્ષનો કાળ થયો છે. [૧૦] અહીં મુનિસુવ્રતસ્વામીના મંદિરમાં અનેક પ્રકારના મહોત્સવવાળી યાત્રા કરીને ભવ્ય પુરુષો આ લોક અને પરલોકની સુખ સંપત્તિ એકઠી કરે છે. [૧૧] અહીં મનુષ્યોના પ્રેમની વૃદ્ધિને બતાવતા એવા જિનેશ્વરપ્રભુઓના મંદિરમાં કાંતિવાળી અને દેદીપ્યમાન પ્રતિબિંબની લેપ્યમય પ્રતિમાઓ સુંદર રીતે શોભે છે. [૧૨] અંબાદેવી તેમજ ક્ષેત્રોના સ્વામી અને યક્ષોના નાયક કપર્દી (યક્ષ) એ બંને આ ચૈત્યમાં વસતાં શ્રી. સંઘના

*આ કલ્પ સિંઘી જૈન ગ્રંથમાલા પ્રકાશિત 'વિવિધતીર્થકલ્પ'ના ૪૭ મા પાને છપાયેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કષ્ટોને નાશ કરે છે. [૧૩] અહીં મંદિરની લક્ષ્મી માટે શ્રેષ્ઠ, પ્રાણીઓના સમૂહને ઉપકાર કરવામાં એક વ્રતવાળા અને જેમના ચરણ કમળ દેવતાઓના સમૂહે આનંદ પૂર્વક સેવ્યા છે એવા શ્રી. મુનિસુવ્રતસ્વામી હંમેશાં તમારા કલ્યાણ માટે થાઓ [૧૪]

શ્રી પ્રતિષ્ઠાન તીર્થનો કલ્પ સજ્જનપુરૂષોના કલ્યાણ માટે શ્રી. જિનપ્રભસૂરિએ રચ્યો છે[૧૫]

॥ ઇતિ શ્રી. પ્રતિષ્ઠાનપત્તન કલ્પ ॥

[૩]

## અપાપાપુરી (સંક્ષિપ્ત) કલ્પ*

વનપ્રદેશમાં અત્યંત પીડાથી દુઃખ પામેલા, અંતિમ જિનેશ્વર શ્રી. વીરપ્રભુના ખીલાની સળીઓવાળા એ કાનના છિદ્રમાંથી સિદ્ધાર્થના કહેવાથી ખરક નામના વૈદ્યે શલ્ય કાઢયે છતે મોટા ચીત્કાર શબ્દ વડે કંપી ઉઠેલ પર્વતની ગુફા, જે નગરીની પાસેના ભાગમાં રહેલી આજ પણ જોવાય છે. (૧) જ્યાં ચરમ જિનેશ્વર શ્રી. મહાવીર પ્રભુએ જૃંભિકાવનથી મહસેન નામના વનમાં વૈશાખ શુદ અગિયારસની રાત્રિએ આવીને સારા વિદ્યાર્થીઓ એવા ગૌતમ વગેરે અગિયાર ગણધરોને દીક્ષા આપી અને ત્રિપદી વડે સંસારરૂપ સમુદ્રને તરવામાં વહાણ સમાન દ્વાદશાંગીની રચના કરી. (૨) જે (પુરી)માં શ્રી. હસ્તિપાલ નામના રાજા વડે સ્થાપન કરાયેલ શ્રી. વર્ધમાનસ્વામીએ બે દિવસ અનશન કરી છેલ્લી દેશનાવૃષ્ટિ આપીને શુલ્કશાળામાં આસો માસના સ્વાતિનક્ષત્રની અમાવસ્યાની રાત્રે અત્યંત સુખસ્વરૂપ લક્ષ્મીના ગૃહ સમાન મોક્ષસુખ પામ્યા તે, પુરીઓમાં શ્રેષ્ઠ શ્રી પાપાનગરી મનુષ્યોને પાપ રહિત કરો. (૩)

જેમાં આજ પણ મૂર્તિઓના સ્થાનવાળા પર્વતો પ્રભાવ બતાવે છે, અને જ્યાં રાત્રિએ તેલ વિનાની ને પાણીથી ભરપૂર એવી ગુફામાં ગૃહમણિઓ બળે છે, જે અત્યંત આશ્ચર્યની ભૂમિ એવી જિનેશ્વરના સ્તૂપથી સુંદર સ્વરૂપવાળી છે તે શ્રેષ્ઠ અપાપાનગરી વચ્ચે અને પહેલાં યાત્રાળુઓના કલ્યાણ માટે થાઓ. (૪)

॥ ઇતિ શ્રી અપાપાકલ્પ ॥

* આ કલ્પ સિંઘી જૈન ગ્રંથમાલા પ્રકાશિત 'વિવિધતીર્થકલ્પ'ના ૨૫મા પાને છપાયેલ છે.

## સ્વીકાર

૧ **धातुपारायण तथा कण्ड्वादि प्रकाश**—સંપાદક મુનિરાજ શ્રી-દક્ષવિજયજી. પ્રકાશક-શ્રી ઋષભદેવજી મહારાજની પેઢી, ઝવેરીવાડ. મૂલ્ય-સદુપયોગ.

૨ **પરમાત્મ સંગીત રસ સ્રોતસ્વિની**—રચયિતા-મુનિરાજ શ્રી ધુરંધરવિજયજી, પ્રકાશક-શ્રી જૈન સાહિત્યવર્ધકસભા, જૈન ધર્મશાળા, ગોપીપુરા-સુરત. મૂલ્ય આઠ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાપના પડઘા

"હા-હા-હા-હા-હા!" ટંકાર કરતું તીર ધનુષમાંથી છૂટયું ત્યારે આ અટ્ટહાસ્ય ચારે તરફ ગાજી ઊઠયું! જાણે આસપાસની ગિરિકંદરઓ કંપી ઊઠી હોય એમ ચોદિશાએ એ પડઘાના પડછંદા ગાજી ઊઠયા! જાણે કો કાળરાત્રિની ચુડેલો રાસડા લેતી ન હોય એવું ગોઝારૂં એ હાસ્ય હતું!

"હા, હા, હા!" એક સાથે અનેક અટ્ટહાસ્યોએ એમાં સૂર મિલાવ્યા.

"પામર જીવડાઓ!!! પવનથી ય વધુ વેગવાળાં આ તીરોના સપાટામાંથી તમે કયાં ઊગરવાનાં છો? નાહક છલંગો મારીને દોડીદોડી શા માટે હાંફી મરો છો? તમારા મુલકનો રાજા-તમારા સર્વસ્વનો માલિક આજે તમારા પ્રાણો સાથે ક્રીડા કરવા ચાહે છે! સૈનિક! બીજું તીર!"

"ખમા અન્નદાતાને!" કહી સૈનિક બીજું તીર આપ્યું.

અને જોતજોતામાં તો જાણે તીરોનો વરસાદ શરૂ થઇ ગયો! એક પછી એક તીર ટંકાર કરતું વછુટતું હતું અને એક એક પ્રાણીને પાડતું હતું! જાણે આ પાપી દુનિયાથી ત્રાસીને ધરતીમાતા પોતાનાં બાળોને પોતાના ખોળે સમાવી લેવા લાગી હતી.

પ્રલયતાંડવના ભીષણ નાદો સાંભળીને જેમ આખું ભૂમંડળ થરહરી ઊઠે તેમ આજે આખું જંગલ ત્રાસી ઊઠયું હતું. બધાંય પ્રાણીઓ એ ત્રાસમાંથી બચવા ચિચિયારીઓ પાડતા ચારેકોર નાસભાગ કરતા હતા. એ ચિચિયારીઓ, એ દોડધામ અને મરતાં પ્રાણીઓનાં એ આક્રંદનો જાણે રાજાજીને વધુ નશો ચડાવતાં હતાં.

પંચાળ દેશના કાંપિલ્ય નગરનો સંયતિ નામનો એ રાજા હતો. 'આખા મુલકની માલિકી ભોગવવા હું સર્જાયો છું અને ધારું તે કરી શકું છું' એવા મદભર્યા વિચારોએ એ રાજાના હૃદય ઘેરીને લીધું હતું. અઢળક દ્રવ્યસંપત્તિ, અપાર વૈભવ વિલાસ, ભરયૌવન વય અને એમાં આવું મદભર્યું માનસ, પછી પૂછવું જ શું? ઊંચે આંખો રાખીને જ ચાલવાનું મન થાય એવી એ સ્થિતિ હતી!

રાજાજીને આજે શિકાર રમવાનો શોખ જાગ્યો હતો; અને વસતીથી આઘે-માનવીને કોઇ પણ રીતે હરકત ન થાય એ રીતે-દૂરદૂરની ગિરિકંદરામાં કાંપિલ્યકેસર ઉદ્યાનમાં વસતા નિર્દોષ પ્રાણીઓ માથે આફતનાં વાદળ ઉતરી પડયાં હતાં. જાણે કોઇ મહા દિગ્વિજય સાધવા નિકળ્યા હોય તેમ રાજાજીએ પોતાની સાથે હયદળ, ગજદળ, રથદળ અને પાયદળ-એમ ચતુરંગી સેના સાથે લીધી હતી.

અને આ બધું શા માટે?

કોઇ વાઘ-દીપડા કે કેસરી-શિકાર કરવા રાજાજી નહોતા નીકળ્યા. આજે તો મ્હોંમાં તરણાં લઇ ફરતાં હરણિયાં જેવાં નિર્દોષ પ્રાણીઓ રાજાજીના તીરના ભોગ બનતા હતા.

અને એ તીરના ઘામાંથી દદડતા લોહીના ઝરણાં જોઇને, જાણે કો સંહારના દૈત્યનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરભાણું ભરાતું હોય તેમ, રાજાજી ખુશખુશાલ પોકારતા હતા. એ ઊડતા શોણિતની સરિતામાં જાણે રાજાજીની કરુણા તણાઇ ગઇ હતી. વાનરને મદિરાપાનની જેમ એ રૂધિરની નીકોએ રાજાજીના ઉન્માદને માઝા મૂકાવી હતી. રાજાજી આજે ક્રૂરતાની જીવન્ત મૂર્તિ સમા બની ગયા હતા!

"જોજો સૈનિકો! ખબરદાર! એકે હરણિયું છટકી ન જાય! હા, હા. હા. હા હા!"

અને એ અટ્ટહાસ્યના પડઘા બ્હાવરા પશુઓની ચીસોમાં શમાઇ જતા હતા! જાણે આ અઘોર પાપની સામે કુદરત કાળી ચીસો પાડતી હતી!

પણુ એ ચીસોને સાંભળે એવા કાન ત્યાં હાજર ન હતા!

( ૨ )

સૈનિકો ચોતરફ હેકારી કરીને પશુઓને આંતરતા હતા.

એ ભયંકર ખુમરાણથી ગભરાયેલા પશુઓ ટોળારૂપે નાસભાગ કરતા હતા અને એ જોઇને રાજાજી વધુ જોશમાં આવી ગયા હતા.

કેટલો પંથ કપાયો હતો કે કેટલાં પ્રાણીઓ કાળને શરણે થયાં હતાં એનું કશું ભાન રાજાજીને ન હતું!

આ સંહારલીલામાં રાજાજી એક ટોળામાંના એક હરણિયાની પાછળ પડ્યા હતા.

એને પોતાના સપાટામાંથી છટકી જવા મથતું જોઇને રાજાજીએ તેનો પીછો પકડયો હતો; જાણે કોઇ મહાઅપરાધી નાસી જતો ન હોય!

હરણિયું છલંગો મારતું એક વૃક્ષ ઘટામાં લપાઈ જતું હતું!

જ્યાં સંયતિ રાજાએ આવી ઘોર સંહારલીલા આદરી હતી એ જ કાંપિલ્યકેસર ઉદ્યાનના બીજા એક ખુણે એક મુનિ આત્મસાધના કરતા હતા. વૃક્ષઘટાથી ઘેરાયેલ નાગરવેલના મંડપમાં બેસીને એ મુનિએ આત્મા ઉપરના મળને દૂર કરવા ધ્યાનાગ્નિ પ્રગટાવ્યો હતો. આત્મશુદ્ધિ અને આત્મસિદ્ધિ સિવાય બીજા કશાની એને ખેવના ન હતી. આખાય વિશ્વ માટેની મંગલકામનાઓ એમના હૈયામાં ઊભરાતી હતી. ન કોઇને માટે રાગ કે ન કોઇ પ્રત્યે દ્વેષ; સમભાવના સાગરમાં ઝીલતા એ મુનિવરની મુદ્રામાં ભલભલા પાપીને શાંત કરવાની તાકાત ભરી હતી!

કેવી અજબ વાત! કેવી અજબ કુદરત!

જ્યાં સંયતિ જેવો મહાહિંસક મદમત્ત થઇને ઘૂમતો હતો ત્યાં જ આવા પરમ અહિંસક મુનિવર ધ્યાન કરતા હતા. પણ કાદવ અને કમળ, ગુલાબ અને કાંટા, મધ અને મક્ષિકા વડવાનળ અને મહાસાગર એક સ્થળે રાખનાર કુદરતનો પાપ અને પુણ્યની સમતુલા જાળવવાનો આ એક વધુ કીમીઓ કેમ ન હોય? જે ધરતી ઉપર સંયતિ જેવાનો ક્રોધાનલ ભભૂકી રહ્યો હતો તે જ ધરતી ઉપર આ અહિંસામૂર્તિ મુનિવર શાંતરસભરી સરિતા વહાવી રહ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણે કુદરતનો સંકેત ન હોય તેમ ટોળામાંથી છૂટા પડીને છલંગો મારી નાસતું હરણિયું એ મુનિવરવાળી વૃક્ષઘટામાં પેસી ગયું.

રાજાજીએ પણ આખા ટોળાને છોડીને એ હરણિયા પાછળ પોતાનો અશ્વ દોડાવી મૂકયો. અને એ હરણિયું છટકી ન જાય એટલા માટે તીર ઉપર તીર નાંખવા શરૂ કર્યાં. એક તીરે, કાળખંજરની જેમ, એ હરણિયાને વીંધી નાંખ્યું. અને મરણચીસ પાડતું એ હરણિયું મુનિવરની નજર પાસે ઢળી પડયું. જાણે ક્રૂરતાથી ત્રાસીને સમતારસમાં સમાઈ ન જતા હોય એમ ક્ષણવારમાં એના પ્રાણ ઊડી ગયા. મુનિવરની કરુણાભીની દૃષ્ટિએ એના ઉપર અમીછાંટણા વરસાવતી હતી.

પોતાના શિકારને શોધતા રાજાજી ક્ષણભરમાં એ વૃક્ષઘટામાં આવી પહોંચ્યા. અને પોતાના તીરથી વિંધાયેલ હરણિયાને જોઈને ખુશખુશ થઈ ગયા. પણ બીજી જ ક્ષણે ધ્યાન-મગ્ન બેઠેલા મુનિવરને જોઈને રાજાજીના મ્હોં ઉપર મેશ ફરી વળી! એનો આનંદ ઊડી ગયો!

રાજા અને મુનિવરની દૃષ્ટિ એક થઈ!

( ૩ )

ત્રિવેણી સંગમની જેમ શિકાર, શિકારી અને સાધુ–ત્રણે ય એક સ્થળે આવી મળ્યાં.

શિકાર તો કયારનો ય સાધુરાજના ચરણમાં પડી પરલોક યાત્રાએ પ્રયાણ કરી ચૂકયો હતો. એને તો વીતવાની વીતી ચૂકી હતી. સાધુરાજની દૃષ્ટિ શિકાર અને શિકારી બન્ને તરફ કરુણાભીની હતી. શિકાર તરફ-તેના ઉપર વીતેલ આફત માટે; શિકારી તરફ–તેના પાપી આચરણ માટે! બિચારો રાજા! આવાં પાપાચરણો સેવી કયા ભવે સુખી થાશે! જ્યાં શયતાનોના ક્રોધ દાવાનળો ભભૂકી ઉઠે છે ત્યાં સાધુરાજો સદાય કરુણાના મેઘ જ વરસાવે છે.

અને સંયતિરાજ? એના ઉપર તો જાણે કોઈ મહા મંત્ર પ્રયોગ હોય થયો એમ એ થંભી જ ગયો! પાપના ઘડામાં જાણે ઊભરો આવ્યો હોય એમ પોતાનુ પાપ એને પોતાને જ પ્રત્યક્ષ દેખાવા લાગ્યું.

સાધુરાજ તો એકે શબ્દ બોલતા નથી. માત્ર સ્થિર નયને નિહાળ્યા કરે છેઃ ક્ષણભર શિકાર તરફ તો ક્ષણભર શિકારી તરફ.

પણ સંયતિરાજને તો મુનિરાજના આ મૌનમાં પણ હજાર હજાર પડઘાઓ સંભળાતા હતા. એનું અંતર જાણે વલોવાઈ જતું હોય એવા મહાનાદો એના અંતરમાં ગાજી રહ્યા હતા. પોતાના પાપના શતશઃ પડઘાઓ ઉઠતા હોય એમ તે દિગ્મૂઢ બની ગયો હતો.

રાજાનું અંતર બોલતું હતુંઃ "અરેરે! આજે કેવું અપકૃત્ય થઇ ગયું. હરણાંઓ તો ઘણાં ય હણ્યાં, પણ આ હરણિયાએ મરતાં મરતાં આ સાધુરાજનું શરણ લઇ મારા પાપને પોકારી દીધું! આવા સાધુરાજની આગળ આવી ઘોર હિંસા! આત્માને સાધવા નગર છોડી વનમાં આવ્યાં ત્યાં પણ મેં એમને શાંતિ ન લેવા દીધી! આવા નિર્દોષની હિંસાથી દુભાયેલું સાધુરાજનું મન ન માલુમ મારા ઉપર કેટલા ધિક્કાર વરસાવતુ હશે! આ પાપનો નિસ્તાર શી રીતે સંભવે?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધીમેધીમે જાણે પોતાના પાપના ઓળાઓ, સંધ્યાના પડછાયા જેમ, વધુ ને વધુ મોટા થતા હોય એમ સંયતિરાજને લાગ્યું. કોઇ મહાપિશાચનું દર્શન થયું હોય એમ રાજા વિહ્વળ બની ગયો.

મુનિરાજ તો હજુય મૌન હતા.

પણ પ્રલયના મહાશબ્દોમાં જે તાકાત નથી હોતી તે તાકાત ચારિત્રપરાયણ સાધુ-પુંગવોના મૌનમાં હોય છે. આવાં મૌન જીરવવાં શકય નથી. એ મૌન તો ભલભલા કાળ-મીંઢને પીગળાવી નાખે એવાં હોય છે.

સાધુરાજનું મૌન સંયતિ રાજ માટે હવે અસહ્ય હતું. પોતાના પાપના પડઘાઓ હવે સહન થઇ શકે એમ ન હતું. તે બોલી ઉઠયાઃ "ક્ષમા, સાધુરાજ ક્ષમા! આપ જેવા સાધુ-રાજની લાગણી દુભવવાનું આ પાતક મારી શી ગતિ કરશે?"

પણ હજુય, મૌન તોડવાનો સમય દૂર હોય એમ, મુનિરાજ તો અમીભરી નજરે જોઈ જ રહ્યા હતા.

રાજા ફરી બોલ્યાઃ "મુનિરાજ! કૃપા કરો! મારો નિસ્તાર કરો! મને સત્ય માર્ગનો ઉપદેશ કરો! આ પાપનો ભાર હવે અસહ્ય થઇ પડ્યો છે!".

મુનિરાજે જોયું કે સમય પાકી ગયો છે. રાજાજીના પરિણામો શુદ્ધ થતા જાય છે. લોઢું ટીપાવા માટે તપીને તૈયાર થઇ ગયું છે. તે બોલ્યાઃ "રાજન્, અભય હો તને અને સંસારના સમગ્ર જીવોને, તું સૌને અભય આપ એટલે તને પોતાને પણ અભય મળશે! રાજન્, પાપના પુંજ સમા આ રાજવૈભવ અને વિલાસોનો ત્યાગ કરી સૌનું કલ્યાણ કર એટલે તારૂં કલ્યાણ તને સ્વયં આવી મળશે! રાજન્, શાંતં પાપં."

મુનિરાજની મેઘગંભીર વાણીમાં પોતાના પાપના પડઘા જાણે સમાઇ ગયા હોય એમ રાજા શાંત થઇ ગયો. તેને અંતરમાં આનંદનો અનુભવ થવા લાગ્યો. તેણે વિચાર્યું: "જે સાધુરાજના ટૂંકા સહવાસે આટલી શાંતિ આપી એના ચરણની સતત સેવા મને કેટલું સુખ આપશે?

અને એ કર્મશૂર રાજવીને ધર્મશૂર થતાં વાર ન લાગી. એના પાપના પડઘા હવે સાવ શાંત થઇ ગયા હતા. એણે મુનિરાજના ચરણમાં પોતાનું સ્થાન શોધી લીધું હતું. રાજવૈભવ હવે એને મન તણખલા તોલે થઈ ગયાં હતાં.

નમતી સંધ્યાએ જ્યારે કાંપિલ્યકેસર ઉદ્યાનમાંથી કાંપિલ્ય નગરની ચતુરંગી સેના પાછી ફરી ત્યારે તે રાજવી વિહોણી હતી!

સંયતિરાજ સાધુરાજના પગલે ચાલી નીકળ્યા હતા.

–રતિલાલ દીપચંદ દેસાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અઢારમી સદીના મહાન જ્યોતિર્ધર

# મહોપાધ્યાય શ્રી યશોવિજયજી

[ ટૂંક પરિચય ]

લેખક : **આચાર્ય મહારાજ શ્રી. વિજયપદ્મસૂરિજી**

'શ્રી. જૈન સત્ય પ્રકાશ'ના વર્ષ ૨, અંક ૯, ક્રમાંક ૨૧ માં 'શ્રી યશોદ્વાત્રિંશિકા' નામક પ્રાકૃત ભાષાનું મારૂં બનાવેલું એક કાવ્ય પ્રગટ થયું હતું. એ કાવ્યમાં મહોપાધ્યાય શ્રી. યશોવિજયજી મહારાજનું જીવન ગૂંથવામાં આવ્યું છે. શ્રી. યશોવિજયજી મહારાજના જીવનચરિત્ર અંગેની આધારભૂત માહિતી બહુ ઓછા પ્રમાણમાં મળે છે. તેથી પ્રાકૃત ભાષાને નહિ જાણનાર એવા સામાન્ય વાચક વર્ગને તેમજ બીજા વિદ્વાનોને પણ ઉપયોગી થઈ પડે એ હેતુથી મૂળ એ બત્રીશીને લક્ષમાં રાખીને બીજા બીજા ગ્રંથોનો ઉપયોગ કરીને અહીં એ દરેક શ્લોકનું વિશદ વિવેચન આપવામાં આવ્યું છે. વિવેચનમાં મૂળ બત્રીશીનો તે તે શ્લોક દર્શાવવા માટે દરેક સ્થળે શરૂઆતમાં કૌંસમાં તે તે અંક આપ્યો છે.

(૧) ગુજરાત દેશમાં આવેલા ખંભાત બંદર નામના પ્રસિદ્ધ નગરમાં રહેલા શ્રી. સ્તંભનપાર્શ્વનાથ પ્રભુને પ્રણામ કરીને તેમજ જેઓ મારા આત્માના પરમ ઉદ્ધારક છે તે મારા પરમ પૂજ્ય પરમોપકારી ગુરૂવર્ય આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પરમ પવિત્ર ચરણ કમળને મનસ્કાર કરીને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ-જેઓ લગભગ ત્રણસો વર્ષ ઉપર આ પૃથ્વીતલને પાવન કરતા વિચરતા હતા, જેઓ સ્વસિદ્ધાન્ત પરસિદ્ધાન્તના જ્ઞાતા હતા, જેઓ ન્યાયશાસ્ત્રોના જ્ઞાનમાં જગતના પ્રખર પંડિતોને પણ આશ્ચર્ય પમાડે એવા જ્ઞાનવાળા હતા, જેઓ ચારિત્રની આરાધનામાં અત્યંત કુશળ હતા, જેઓ પ્રાચીન અને નવ્ય ન્યાયના તેમજ ધર્મસિદ્ધાન્તના ગ્રન્થો બનાવવામાં અતિ તીક્ષ્ણ બુદ્ધિવાળા હતા—તેમનું તેમની શિષ્યપરંપરામાં થયેલા શ્રી કાંતિવિજય મહારાજ કૃત 'સુજસવેલી ભાસ' વગેરે ગ્રંથોના આધારે હું ચરિત્ર રચું છું.

(૨-૩) પરમપૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી વગેરે શ્રી જૈનશાસનના સ્તંભ સરખા અને જ્ઞાનવાળા અનેક પૂર્વાચાર્યો થયા તે પછી ન્યાયશાસ્ત્ર વગેરેમાં નિપુણ અને પ્રતિભાશાળી શ્રીમદ્ યશોવિજયજી વાચક થયા તેમને હું મન વચન કાયા વડે નમસ્કાર કરું છું.

(૪) ઉપાધ્યાયજી મહારાજે સંસ્કૃત ભાષામાં ન્યાય ખંડખાદ્ય, જ્ઞાનબિંદુ, અધ્યાત્મસાર વગેરે અનેક ગ્રન્થો બનાવ્યા; પ્રાકૃત ભાષામાં શ્રી ગુરુતત્ત્વવિનિશ્ચય, ઉપદેશ રહસ્ય વગેરે અનેક ગ્રન્થો બનાવ્યા, ગૂજરાતી ભાષામાં સાડી ત્રણસો, સવાસો, દોઢસો ગાથાનાં સ્તવનો ને દ્રવ્યગુણપર્યાયનો રાસ તથા શ્રીજિનસ્તવનની અનેક ચોવીસી વગેરે ઘણાં ગ્રન્થો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવ્યા તથા હિન્દી ભાષામાં પણ પ્રભુભક્તિનાં પદો વગેરે રૂપ અનેક ગ્રન્થો બનાવ્યા. એ ગ્રન્થો ઉત્તમ ભાવાર્થવાળા અને ગંભીર અર્થવાળા છે. એવા મહાન ગ્રન્થોના રચનાર શ્રી યશોવિજયજી વાચકને હું વંદના કરું છું.

(૫) શ્રુતજ્ઞાનને ધારણ કરનાર એવા, ઉપાધ્યાય-વાચકરૂપી ગગન મંડલને દીપાવવામાં સૂર્ય સરખા, અને જગતમાં વર્તતા કુમતોના ધર્મને માનનારા અને રાગી દ્વેષી એવા દેવ-ગુરુને માનનારાના દુર્મતનો સ્યાદ્વાદ શૈલીથી નાશ કરનારા, ધૈર્યગુણવાળા અને આચારાંગ વગેરે સ્વદર્શનના (જૈન દર્શનના) સિદ્ધાન્તોને તેમજ શ્રુતિઓ આદિ પરદર્શનના સિદ્ધાન્તને જાણનારા એવા શ્રીયશોવિજયજી વાચકવરને હું સર્વદા વંદના કરું છું.

(૬) ધર્મી જનોના સમુદાયથી પ્રશંસાપાત્ર થયેલા ગુજરાત દેશમાંના વડોદરા પ્રાન્તમાં કલોલ ગામ અને પાટણની વચમાં આવેલા કનોડા નામના ગામમાં જેમનો જન્મ થયો હતો તે શ્રીયશોવિજયજી ઉપાધ્યાયને વંદના કરું છું. (અહીં શ્રીઉપાધ્યાયજી મહારાજની જન્મભૂમિ તરીકે-કનોડા[1] ગામ જણાવ્યું તે 'સુજસવેલી ભાસ' વગેરે ગ્રંથોના આધારે કહ્યું છે.)

(૭) તેમના પિતાનું નામ નારાયણદાસ અને માતાનું નામ સૌભાગ્ય દેવી હતું. આ માતાપિતાના એ મોટા પુત્ર હતા. તેમના નાના ભાઇનું નામ પદ્મસિંહ અને તેમનું પોતનું નામ જશવંત હતું.

(૮) તે સમયમાં પવિત્ર ચારિત્રવાળા પરમ પૂજ્ય પંડિત શ્રી નયવિજયજી મહારાજ એ જીલ્લામાં વિહરતા હતા. તેઓ વિ. સં. ૧૬૮૭માં પાટણની નજીકમાં આવેલા કુણઘેર નામના ગામમાં ચોમાસું રહ્યા હતા. ત્યાં ચોમાસુ પૂર્ણ કરીને ગામોગામ વિહાર કરતા અને ભવ્ય જીવોને ધર્મદેશના દેવામાં નિરન્તર ઉદ્યમવાળા તે શ્રી નયવિજયજી મહારાજ વિ. સં. ૧૬૮૮માં કનોડા ગામે પધાર્યા.

(૯) પોતાના ગામમાં ગુરુમહારાજ પધારેલા જાણી સૌભાગ્યદેવી નિત્ય પોતાના જશવંત ને પદમસી નામના બન્ને પુત્રો સહિત વ્યાખ્યાન સાંભળવા જતી હતી. ત્યાં શ્રી નયવિજયજી ગુરુમહારાજની સંસારની અસારતા દર્શાવનારી વાણી સાંભળીને ત્રણેને વૈરાગ્યભાવના જાગવાથી માતા અને બન્ને પુત્રો-એમ ત્રણે જણાએ નયવિજયજી મહારાજના વરદ હસ્તે અણહિલપુરપાટણમાં વિ. સં. ૧૬૮૮માં દીક્ષા અંગીકાર કરી.[2]

(૧૦) ગુરુમહારાજે માતુશ્રી સૌભાગ્યદેવીના જશવંત નામે મોટા પુત્રનું મુનિ જશવિજય નામ સ્થાપ્યું, અને ન્હાના પુત્ર પદમસીનું મુનિ પદ્મવિજય નામ સ્થાપ્યું. એમાં મુનિ જશવિજયજી એ જ જાણવા કે જેમનું આ સ્તોત્રરૂપે જીવનચરિત્ર દર્શાવાય છે (દીક્ષા આપ્યા પછી માતાનું શુ નામ રથાપ્યું તે સંબંધી હકીકત જણાતી નથી.) તે જ સાલમાં (૧૬૮૮માં) આચાર્ય શ્રી વિજયદેવસૂરિજી મહારાજે બંનેને વડી દીક્ષા આપી.

૧—કન્હોડુ; કન્હોડુ. આવાં નામ પણ અન્યત્ર જણાવ્યાં છે.

૨--પદ્મસિંહ શ્રી યશોવિજયજી મહારાજના સહોદર ભાઇ હતા. નાના ભાઇ ઉપર મોટા ભાઈ પૂર્ણ લાગણી ધરાવતા હતા, એમ 'શ્રી ગુરુતત્ત્વવિનિશ્ચય' આદિનો અંતિમ ભાગ વગેરે જોતાં નિર્ણય થાય છે-જુઓ **प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जात : सुधी : सोदर :॥** તથા **पंडितपद्मविजयगणिसहोदरेण पंडितयशोविजयेन** આ દીક્ષા સમયે બંનેની દસ કે બાર વર્ષથી મોટી ઉંમર નહિ હોય, એમ ઐતિહસિક ગ્રંથોના અવલોકનથી જણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૧૧) શ્રી ગુરુમહારાજની કૃપાથી મુનિ શ્રી જશવિજયજીએ ( એટલે શ્રી યશોવિજયજી ઉપાધ્યાય મહારાજે ) પોતાની અગાધ બુદ્ધિના બળથી સ્વ અને પર એમ બન્ને સિદ્ધાન્તોના એટલે કે આચારાંગ આદિ સ્વસિદ્ધાન્તના અને શ્રુતિઓ આદિ પરદર્શનોના સિદ્ધાંતના પણ અમુક અંશે વિશાળ જ્ઞાનવાળા થયા. આ રીતે દીક્ષા લીધા બાદ અલ્પ સમયમાં અનેક શાસ્ત્રોના ક્રમસર અભ્યાસદ્વારા તત્પરિચય મેળવવા સતત પ્રયત્નશીલ બન્યા હતા.

(૧૨) અનુક્રમે વિ. સં. ૧૬૯૯માં શ્રી. જશવિજયજી આદિ શિષ્ય સહિત ગુરુ મહારાજ શ્રી. નયવિજયજી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અને માર્ગમાં અનેક જીવોને પ્રતિબોધ પમાડતા રાજનગરમાં એટલે જૈનપુરી અમદાવાદ નગરીમાં પધાર્યા.

(૧૩) અહીં (અમદાવાદ)માં વિ. સં. ૧૬૯૯માં અનેક સભાજનોની સમક્ષ શ્રી. જશવિજયજી મુનીશ્વરે આઠ અવધાન કર્યાં, કે જેમાં તેમણે આઠ સભાજનોમાંના દરેકની આઠ આઠ વસ્તુઓ–કોઇનું ગણિત, કોઇનું કાવ્ય, એમ ૬૪ વસ્તુઓને બરાબર યાદ રાખીને અનુક્રમે તે વસ્તુઓના જવાબ કહી દેખાડયા – પોતાની સ્મરણશક્તિનો પરિચય કરાવ્યો. શ્રી જશવિજયજીનું બુદ્ધિબળ જોઇને અમદાવાદનિવાસી શ્રાવક ધનજી સૂરા બહુ જ રાજી થયા.

(૧૪) આ પરથી શ્રી ધનજી શેઠે શ્રી નયવિજયજી મહારાજને વિજ્ઞપ્તિ કરી કે હે ગુરુવર્ય ! આપશ્રીના શિષ્ય શ્રી જશવિજયજી મહારાજ ઘણા સુલક્ષણ છે, ઘણા વૈરાગ્યવાળા છે અને ઘણી બુદ્ધિવાળા છે. માટે આવા બુદ્ધિમાન શિષ્યને છએ દર્શનના મોટા મોટા ગ્રન્થો ભણાવવા યોગ્ય છે, કારણકે આપના આ શિષ્ય છએ દર્શનનાં શાસ્ત્રોમાં નિપુણ થઇને શ્રી જૈનશાસનની પ્રભાવના કરી શકે એવા છે. આ પ્રમાણે ધનજી શેઠે ગુરુ મહારાજને કહ્યું.

(૧૫) ધનજી શેઠે જ્યારે શ્રી યશોવિજયજીને ભણાવવા માટે નયવિજયજીને આગ્રહભરી વિનંતિ કરી ત્યારે ગુરુમહારાજે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો કે–હે ધનજી શેઠ ! શ્રી જશવિજયજી ખરેખર સુલક્ષણ અને ઘણા જ બુદ્ધિશાળી શિષ્ય છે. જો છએ દર્શનનાં શાસ્ત્રોમાં નિપુણ થાય તો અવશ્ય એ શાસનપ્રભાવના કરી જૈનશાસનને દીપાવે તેવા છે. મારા શિષ્યની બુદ્ધિની પરીક્ષા તમોએ કરી તે યથાર્થ કરી છે. પરન્તુ શિષ્યને ભણાવવાની બાબતમાં મોટી મુશ્કેલી એ છે કે છએ દર્શનના શાસ્ત્રોનું અતિવિશાળ જ્ઞાન પ્રાપ્ત કરવાનું મુખ્ય સ્થાન તો કાશી–વાણારસી નગરી છે, કારણકે ત્યાં જ સૂક્ષ્મ બુદ્ધિવાળા મહાન ન્યાય શાસ્ત્રીઓ, સાહિત્ય શાસ્ત્રીઓ, વેદાન્ત શાસ્ત્રીઓ ને દર્શન શાસ્ત્રીઓ વસે છે અને ગુજરાત વગેરે દેશોમાં વિશાળ જ્ઞાન પ્રાપ્ત કરવાનું કોઇ એવું પ્રસિદ્ધ સ્થાન નથી. વળી તે કાશીના શાસ્ત્રીઓ ત્યાં શિષ્યાદિકને છએ દર્શનના જે મહાન્ ગ્રન્થો ભણાવે છે તે ધન વિના ભણાવી શકે નહીં. તેમજ અહીંથી કાશી સુધી જવું તે પણ મોટી મુશીબત છે. માટે એ બાબત બહુ વિચારણીય છે.

(૧૬) આ પ્રમાણે શિષ્યને કાશી લઇ જઇને ભણાવવા સંબંધમાં ગુરુમહારાજે અધ્યાપકના પગારની મુશીબત બતાવી ત્યારે તે સાંભળીને ધનજી શેઠે કહ્યું કે–હે ગુરુરાજ ! આપે જે પગારની મુશીબત કહી તે સાચી છે. પરંતુ આવા મહાન બુદ્ધિશાળી અને શાસનપ્રભાવી શિષ્યને માટે અભ્યાસની સગવડ કરાવી દેવી એ અમારૂં કર્ત્તવ્ય છે. માટે આ બાબતમાં હું રૂપાનાણાના ૨૦૦૦ (બે હજાર) દીનાર (મ્હોર) ખર્ચ કરવા તૈયાર છું. માટે આપ કાંઇ પણ સંકોચ રાખ્યા વગર શિષ્યને લઈ કાશી પધારો ! આ પ્રમાણે ધનજી શેઠનાં વચન સાંભળી પોતાના શિષ્યને ભણાવવા માટે સારા મુહૂર્તે કાશી તરફ વિહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી અનુક્રમે આવતાં અનેક ગામોમાં ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા કરતા અને શિષ્યને ભણાવવાની ઉત્તમ સગવડથી સંતોષ પામતા અને શ્રી. યશોવિજયજી વગેરે શિષ્ય સહિત શ્રી નયવિજયજી ગુરુમહારાજ કાશીનગરમાં પધાર્યા.

(૧૭) કાશીનગરમાં આવીને ભણાવનાર ઉપાધ્યાયની સગવડ યથાવસ્થિત કરીને ઉત્તમ બુદ્ધિવાળા શ્રી યશોવિજયજી મહારાજે બ્રાહ્મણ વિદ્યાગુરુઓની પાસે છએ દર્શનના તાત્પર્યવાળા–રહસ્યવાળા ગ્રન્થોનું અધ્યયન શરૂ કર્યું.

(૧૮) તે છએ દર્શનના ગ્રન્થોમાં ન્યાયશાસ્ત્રોમાં પ્રાચીન અને નવીન ન્યાય એમ બે પ્રકારનાં ન્યાયશાસ્ત્રો છે, તે બન્નેના ગ્રન્થો ત્રણ વર્ષમાં યથાર્થ જાણી લીધા. અને એમાં નવીન ન્યાયનો તત્ત્વચિંતામણિ નામનો ગ્રન્થ જે બહુ કઠીન છે તે પણ અલ્પ કાળમાં બુદ્ધિના પ્રભાવથી ભણી લીધો.

(૧૯) એ પ્રમાણે છએ દર્શનનાં શાસ્ત્રોમાં નિપુણ થઇને અને તેમાં પણ ન્યાય શાસ્ત્રમાં વિશેષ નિપુણ થઇને શ્રી યશોવિજયજી મહારાજ–કાશીનગરમાં કોઇકવાર ચર્ચા માટે મળતી વિદ્વાનોની સભામાં જઇને ચર્ચાવાદ સાંભળ હતા. એક વાર તે વિદ્વાનોની સભામાં એક મહાન તાર્કિક–નૈયાયિક સંન્યાસી આવ્યો. તેણે પોતાના ચર્ચાવાદમાં સર્વ વિદ્વાનોને દિગ્મૂઢ જેવા બનાવી દીધા. તે વખતે સભામાં તે સંન્યાસી સામેના ચર્ચાવાદમાં શ્રી યશોવિજયજી મહારાજ પોતે ઊભા રહ્યા અને તેની સાથે ઘણી વિલક્ષણ અને વિવિધ યુક્તિઓથી વાદવિવાદ કરી એ સંન્યાસીને શીઘ્ર નિરુત્તર કરી હરાવ્યો. આ વખતે કાશીની આવી મહાન પંડિતોની સભામાં સંન્યાસી સામે જીત મેળવવાથી શ્રી યશોવિજયજીએ ઘણી જ ચિરસ્થાયિની પ્રતિષ્ઠા મેળવી, અને તેઓશ્રી મહાન વિદ્વાન તરીકે પ્રસિદ્ધ થયા.

(૨૦) એ પ્રમાણે કાશીની સભામાં મહાન તર્કવાદી સંન્યાસીની સ્હામે જીત મેળવવાથી અને પોતાની સભાનું ગૌરવ સાચવવાથી બહુ હર્ષ પામેલા ત્યાંના વિદ્વાનોએ શ્રી યશોવિજયજી મહારાજને ન્યાયવિશારદની પદવી આપી. ત્યારબાદ ગુરુમહારાજ શ્રી નયવિજયજી મહારાજે વિચાર કર્યો કે શિષ્યને ભણાવવા સંબંધી જે કાર્ય માટે અહીં આવ્યા હતા તે કાર્ય હવે સમાપ્ત થયું છે, અને શિષ્ય હવે પ્રખર વિદ્વાન થયેલ છે, માટે અહીંથી વિહાર કરવો આવશ્યક છે, કારણ કે મુનિના માર્ગ પ્રમાણે કોઇ એક નગરમાં એક ચોમાસાથી અધિક ચોમાસું કરવું યુક્ત નથી પરન્તુ શિષ્યને ભણાવવાના મુખ્ય લાભને વિચારી અહીં આટલી મુદ્દત રહેવાની જરૂર હતી તે હવે પરિપૂર્ણ થવાથી વિહાર કરવો ઉચિત છે. એમ વિચારી કાશીથી વિહાર કરીને તાર્કિકશેખર શ્રી યશોવિજયજી મહારાજ વગેરે શિષ્ય સહિત શ્રી નયવિજયજી મહારાજ પ્રથણ આગ્રા નગરમાં આવ્યા. [૩]

---

૩-પોતાના ગુરૂમહારાજે તર્કવિદ્યાનો અનુભવ પ્રાપ્ત કરાવ્યો, પોતે કાશીમાં વિજય મેળવ્યો, અને પંડિતોએ 'ન્યાયવિશારદ' પદવી આપી એ બીના શ્રી યશોવિજયજી મહારાજે સ્વકૃત 'ન્યાયખંડન ખાદ્ય' (શ્રી મહાવીર સ્તવન)ના ૧૦મા શ્લોક વગેરેમાં જણાવી છે–તે આ પ્રમાણે–

अस्मौ जैन: काशीविबुधविजयप्राप्तविरुदो ।
मुदो यच्छत्यच्छ: समयनयमीमांसितजुषाम् ॥
य: श्रीमद्गुरुभिर्नयादिविजयैरान्वीक्षिकीं ग्राहित: ।
प्रेम्णां यस्य च सद्म पद्मविजयो जात: सुधी: सोदर: ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૧) ત્રણ વર્ષ કાશીમાં રહી ઘણા ગ્રન્થોનો અભ્યાસ કરીને જે બીજા કેટલાક ન્યાયગ્રંથોનો અભ્યાસ બાકી હતો તે અહીં આગ્રામાં ચાર વર્ષ સુધી રહીને નૈયાયિક પંડિતો પાસે પૂરો કર્યો.

(૨૨) આ વખતે આગ્રા વગેરે નગરોમાં બનારસીદાસ નામના પંડિતનો મત કે જે ઘણે ભાગે દિગંબર મતને અનુસરતો હતો અને એકાંત નિશ્ચય માર્ગને પોષતો હતો તે ઘણો પ્રચલિત થયો હતો. અનુક્રમે બનારસીદાસનો શિષ્ય કુંવરજી નામે થયો. તે પણ પોતાના ગુરુના મતનો પ્રચાર કરતો હતો. આ વખતે શ્રી ઉપાધ્યાયજી મહારાજે તે મત જૈનશૈલીને અનુસરતો નથી એમ તે મતના શ્રાવકો વગેરેને યુક્તિપૂર્વક સમજાવીને તેમને જૈનધર્મમાં સ્થિર કર્યા. આ રીતે બનારસીદાસનો[૪] દુર્મત દૂર કરીને શ્રી યશોવિજયજી સહિત શ્રી નયવિજયજી મહારાજ આગ્રાથી અનુક્રમે ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતા તેમજ માર્ગમાં પણ ( શ્રીયશોવિજયજી મહારાજ ) અનેક પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરતા કરતા જૈનપુરી સરખા રાજનગર ( અમદાવાદ ) માં પધાર્યા.

(૨૩) શ્રી નયવિજયજી મહારાજે અમદાવાદ આવી હર્ષપૂર્વક નાગોરીશાળામાં એટલે નાગોરી સરાહ નામનો લત્તો કે જે (અત્યારે પણ રતનપોળ) ઝવેરીવાડામાં મધ્યભાગે આવેલ છે ત્યાં ઉપાશ્રયમાં સ્થિરતા કરી. તે વખતે શ્રી યશોવિજયજી મહારાજ અનેક શાસ્ત્રોના વાદવિવાદ કરાનારા પંડિતોના સમુદાયમાં ઘણું આદરમાન પામ્યા, કારણ કે કોઈપણ દર્શનનો વાદી જૈન દર્શન સંબંધી વાદ કરવા આવે તો તેઓ તેને શાસ્ત્રની યુક્તિ પ્રયુક્તિઓથી તેમજ ન્યાયશાસ્ત્રોની પરિપાટી પ્રમાણે એવું સરસ સમજાવતા કે જેથી વાદી જૈનદર્શનની ખામી દર્શાવી શકતા નહિ, અને ઉપાધ્યાયજીએ દર્શાવેલી યુક્તિઓનું રહસ્ય સમજીને અત્યંત સંતોષ પામતા.

(૨૪) આ વખતે અમદાવાદમાં સદ્‌ગુણી જનોના સદ્‌ગુણને સન્માન આપનાર હોવાથી

---

**यस्य न्यायविशारदत्वबिरुदं काश्यां प्रदत्तं बुधै -**
**स्तस्यैषा कृतिरातनोतु कृतिनामानंदमग्नं मन : ॥**

૪. અહીં જણાવેલ બનારસીદાસ સત્તરમી સદીમાં હયાત હતા. તે હીંદી ભાષાના જૈન કવિ તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ આગ્રાના રહીશ શ્રીમાલ વૈશ્ય હતા. તેમના પિતાનું નામ ખરગસેન હતું અને વિ. સં. ૧૬૪૩ માં જોનપુરમાં તેમનો જન્મ થયો હતો. તેમણે મુનિશ્રી ભાનુચંદ્રજીની પાસે વિ. સ. ૧૬૬૭ સુધી કાવ્યાદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. અને તે મુનિના જ સમાગમથી ૧૬૬૪ થી ધાર્મિક પ્રવૃત્તિ તરફ વિશેષ લક્ષ્ય રાખીને અસદ્વાસનાથી પાછા હઠયા. આગ્રામાં તેમને અર્થમલજી નામના અધ્યાત્મરસિકનો સમાગમ થયો તેથી અને સમયસારના વાંચનથી તે નિશ્ચય માર્ગ તરફ દોરાયા. આ સ્થિતિમાં તેમણે જ્ઞાનપચ્ચીશી વગેરે ગ્રંથો બનાવ્યા. વિ સં. ૧૬૯૨ માં પંડિત રૂપચંદના સમાગમથી અને દિગંબર ગ્રંથોના પરિચયથી પૂર્વ સ્થિતિ પલટાઈ ગઈ, એટલે તે દિગંબર મતાનુયાયી થયા. આ બનારસીદાસને કુંવરજી (કુમારપાલ) અમરચંદ વગેરે મદદગાર અનુયાયી શિષ્યો હતા. તેઓ આગ્રામાં નિશ્ચય માર્ગને પોષતા હતા અને આધ્યાત્મિક તરીકે ગણાતા હતા. આ અવસરે શ્રીમાન્ ઉપાધ્યાયજીએ તેમને ચર્ચામાં હરાવ્યા. અને તેના મતનું ખંડન અધ્યાત્મમત ખંડન સટીક મૂ. ગા. ૧૮ અને અધ્યાત્મમતપરીક્ષા (મૂલગાથા ૧૧૮) સટીકમાં કર્યું શ્રી મેઘવિજયજીએ આ બીના યુક્તિપ્રબોધમાં જણાવી છે. વિશેષ બીના ઐતિહાસિક ગ્રંથોથી જાણી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુણરસિક અને પ્રજાજનોનું હિત કરવાની મતિવાળો એવો મહોબતખાન નામે વડો રાજ્યાધિકારી (સૂબો) રહેતો હતો. તેની નજર નીચે જ અમદાવાદ જીલ્લાનું સર્વ રાજતંત્ર ચાલતું હતું. તે મહોબતખાનની રાજસભામાં શ્રી યશોવિજયજીના ધર્મશાસ્ત્રોના અથાગ જ્ઞાનની અને અત્યંત બુદ્ધિવૈભવની પ્રશંસા થઈ. આ સાંભળીને મહોબતખાનને પણ એવા બુદ્ધિશાળી ધર્મસંન્યાસીને મળવાનું અને તેમનો બુદ્ધિવૈભવ સાક્ષાત્ નજરે જોવાનું મન થયું. તેથી પોતાનો અભિપ્રાય રાજસભામાં બેસનારા અગ્રગણ્ય શ્રાવકો વગેરેને જણાવતાં તેઓએ સભામાં પધારવાની શ્રી યશોવિજયજી મહારાજને વિનંતિ કરી. આથી ગુરુમહારાજે પણ, સકારણ રાજસભામાં જવાથી શાસનની પ્રભાવના થશે એમ જાણી, રાજસભામાં જવાની આજ્ઞા આપી. રાજ્યાધિકારીએ પણ શ્રી જશવિજય મહારાજના પધારવાની વાત જાણી અત્યંત રાજી થઇ રાજસભામાં મુનિમહારાજને યોગ્ય બેસવા વગેરેની સર્વ સગવડ કરાવી.

(૨૫) શ્રી યશોવિજયજી મહારાજે અગ્રગણ્ય શ્રાવકના સમુદાય સહિત રાજસભામાં જઇને રાજ્યાધિકારીની વિજ્ઞપ્તિથી ત્યાં સભામાં સર્વ સભાજનો સમક્ષ પોતાની બુદ્ધિના બળથી અઢાર અવધાન કરી બતાવ્યાં, કે જેમાં ૧૮ સભાજનોની દરેકની જુદી જુદી વાત (એટલે એક જણની અનેક વાત તેવી ૧૮ જણની ઘણી વાત) યાદ રાખીને દરેકની વાત અનુક્રમે સંભળાવી દેવાની હોય છે એવા પ્રકારનાં ૧૮ અવધાનો કરી બતાવ્યાં. તેમનું આવું બુદ્ધિબળ જોઇને રાજ્યાધિકારી મહોબતખાન બહુ જ રાજી થયો.

(૨૬) ત્યારબાદ હર્ષ પામેલ મહોબતખાન રાજ્યાધિકારીએ હર્ષ વડે શ્રી યશોવિજયજી મહારાજનું ભવ્ય ઉત્સવાદિક પૂર્વક સન્માન પણ કર્યું. આ પ્રમાણે અમદાવાદમાં શ્રી યશોવિજયજી મહારાજે શ્રી જૈનશાસનની ઘણી ઉત્તમ પ્રભાવના કરી અને જેઓ જૈનધર્મ શું ચીજ છે તે બિલકુલ સમજતા નહોતા તેવાઓને પણ જૈનધર્મ પણ એક ઉત્તમ ધર્મ છે એમ સમજતા કર્યા. વળી જૈનધર્મમાં કોઇ વિદ્વાન નથી, એમ કહેનાર કેટલાએ વિદ્વાનો જૈનધર્મમાં પણ પ્રખર વિદ્વાનો છે એમ સમજતા થયા.

(૨૭) અમદાવાદના શ્રી. સંઘે વર્તમાન ગચ્છનાયક આચાર્ય મહારાજ શ્રી. વિજયદેવસૂરિજીની આગળ એવી વિનંતિ કરી કે 'હે સૂરિવર્ય! મુનિ જસવિજયજી મહારાજ વર્તમાન સમયમાં બહુશ્રુત એટલે ધર્મશાસ્ત્રના જ્ઞાતા અનેક વાદિવિજેતા અને શ્રી જિનશાસનના મહાપ્રભાવક છે માટે તેઓને ઉપાધ્યાય પદવી આપવી યોગ્ય છે.

(૨૮) એ પ્રમાણે વિનયપૂર્વક રાજનગર (અમદાવાદ) ના શ્રી. સંઘે વિનંતિ કરી ત્યારે ઉત્તમ બુદ્ધિવાળા શ્રી દેવસૂરિજી[૫] મહારાજે સંઘની વિનંતિને પોતાના હૃદયમાં ઉતારી.

---

૫–શ્રી. વિજયદેવસૂરિની બીના ટૂંકમાં આ પ્રમાણે જાણવી–શ્રી. વિજયસેનસૂરિજીના તે પટ્ટધર હતા. પટ્ટાવલીના ક્રમ પ્રમાણે તેઓ ૬૦ માં પટ્ટધર હતા. તેમનો જન્મ વિ. સ. ૧૬૪૩માં, સૂરિપદ –૧૬૫૬માં, સ્વર્ગવાસ–૧૭૧૩માં ઉનાના થયો હતો. એમના વખતમાં ૨૫ પાઠક અને ૩૦૫ પંન્યાસ હતા. ઉપાધ્યાય શ્રી. ધર્મસાગરજી મહારાજે રચેલી (૧) તપગચ્છ પટ્ટાવલી (૨) શ્રી. વિજયદેવસૂરિમાહાત્મ્ય–સટીક (પૂર્ણ કરવાનો સમય વિ. સં. ૧૬૯૯, આના બનાવનાર શ્રીવલ્લભ પાઠક છે.) (૩) શ્રી. ગુણવિજયજી મહારાજે બનાવેલા–શ્રી વિજયદેવસૂરિ પ્રબંધ-(૪) વિજયદેવસૂરિની સજ્ઝાયો (૫)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૨૯-૩૦) ત્યારબાદ શ્રી યશોવિજયજી મહારાજે વીસસ્થાનકનો ઉત્તમ તપ આરંભ્યો અને તેવા ઉત્તમ તપની આરાધનાવાળા શ્રી યશોવિજયજી મહારાજને પોતાના ગુરુ શ્રી વિજયદેવસૂરિની આજ્ઞાથી આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિજી૬ મહારાજે શ્રી સંઘના બહુ ઉલ્લાસ-પૂર્વક અને અષ્ટાહ્નિકા વગેરે મોટા ઉત્સવ વગેરેના વિધાનપૂર્વક વિ. સં. ૧૭૧૮ માં (મહિનો તથા તિથિ જણાવ્યાં નથી) શુભવાર શુભતિથિ શુભનક્ષત્ર શુભયોગ શુભલગ્ન સહિત શુભમુહૂર્તમાં અત્યંત આનંદથી ઉપાધ્યાય પદવી આપી. ત્યારથી શ્રી યશોવિજયજી મહારાજ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી થયા. અને પ્રથમ કાશીનગરમાં કાશીના વિદ્વાનોએ ન્યાયવિશારદ પદવી આપી હતી અને ન્યાયના ૧૦૦ ગ્રંથો બનાવવાથી 'ન્યાયાચાર્ય' પદ પણ આપ્યું હતું. તેથી શ્રી યશોવિજયજી મહારાજ હવે ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી એવા વિશિષ્ટ નામને ધારણ કરનારા થયા.

(૩૧) પોતાના બનાવેલા અધ્યાત્મમતપરીક્ષા વગેરે ગ્રન્થોમાં અધ્યાત્મનો વિષય; ન્યાયખંડખાદ્યવૃત્તિ વગેરે ગ્રન્થોમાં ન્યાયનો વિષય અને યોગવિંશિકાવૃત્તિ તથા પાતાંજલયોગની શાસ્ત્રચતુર્થપાદની વૃત્તિ વગેરેમાં યોગનો વિષય એ પ્રમાણે અધ્યાત્મ, ન્યાય અને યોગના વિષયો જેમણે પોતાના બનાવેલા ગ્રન્થોમાં ચર્ચેલા છે, અને તે ઉપરાન્ત કર્મપ્રકૃતિની વૃત્તિ આદિમાં કર્મ વગેરેનો વિષય અને બીજા પણ બનાવેલા અનેક ગ્રંથોમાં ધર્મ વગેરે વિષયો ઘણા ચર્ચ્યા છે, તેવા ઉત્તમોત્તમ ગ્રન્થોના રચનાર ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું જે પુરુષો નિત્ય સ્મરણ કરે છે તેવા ભાગ્યશાળી પુરુષોને ધન્ય છે.

(૩૨) ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ગ્રામાનુગ્રામ વિચરતા અનુક્રમે ગુણ યુગ હય ઇન્દુ વર્ષે એટલે ૧૭૪૩ના વિક્રમ સંવત્સરમાં દર્ભાવતી નગરીમાં પધાર્યા. આ દર્ભાવતી એટલે વડોદરા પ્રાન્તમાં આવેલ અત્યારનું ડભોઇ નામનું ગામ સમજવું કે જે વડોદરાથી લગભગ બારેક ગાઉ દૂર છે, જ્યાંનો મનોહર કારીગરીવાળો હીરા કડીઆનો ચણેલો કિલ્લો હજી પણ પ્રસિદ્ધ છે, અને જે પ્રથમ વીરધવલ રાજાની રાજધાનીનું નગર હતું. આ ડભોઇમાં વિ. સ. ૧૭૪૩માં મહા સુદી પાંચમે (વસંત પંચમીએ) ઉપાધ્યાયજી મહારાજ અનશન વિધિ સહિત ઉત્તમ મરણસમાધિ પૂર્વક સ્વર્ગપદ પામ્યા એટલે કાળધર્મ પામ્યા. વર્તમાન સમયે ડભોઇ નગરની બહાર તેમનો સ્તૂપ (દેરી) વિદ્યમાન છે. અહીં વિ. સં. ૧૭૪૫ની મૌન એકાદશીએ શ્રી ન્યાયાચાર્યની પાદુકા પધરાવી છે.

---

નેમિસાગર રાસ (૬) શ્રી. દેવાનન્દાભ્યુદય કાવ્ય (માઘસમસ્યાપૂર્તિ તેના કર્તા શ્રી મેઘવિજય ઉપાધ્યાય રચના સં.-૧૭૨૭) (૭) દિગ્વિજયમહાકાવ્ય વગેરે ગ્રંથોમાં શ્રી. વિજયદેવસૂરિમહારાજનું જીવન ચરિત્ર વિસ્તારથી વર્ણવ્યું છે.

૬. શ્રી વિજદેવસૂરિજી મહારાજની હયાતીમાં (૬૧ મા પટ્ટધર) શ્રી વિજયસિંહસૂરિજી મહારાજ (જન્મ-મેડતામાં ૧૬૪૪ માં, દીક્ષા-૧૬૫૪, વાચકપદ-૧૬૭૩, સૂરિપદ-૧૬૮૨, સ્વર્ગ-૧૭૧૦માં) ૬૬ વર્ષની ઉંમરે કાલધર્મ પામ્યા, તેથી શ્રી વિજયદેવસૂરિજીએ પોતાની પાટે વિજયપ્રભસૂરિને સ્થાપ્યા. શ્રી ઉપાધ્યાયજી મહારાજ પણ ૬૨ માં પટ્ટધર તરીકે શ્રી વિજયપ્રભસૂરિને સ્વકૃત ગ્રંથની પ્રશસ્તિમાં જણાવે છે. તેમની બીના ટૂંકમાં આ પ્રમાણે જાણવી-જન્મ-કચ્છમાં, દીક્ષા-વિ. સં. ૧૬૮૬ માં પંન્યાસપદ-૧૭૦૧ માં, સૂરિપદ-ગંધારનગરમાં ૧૭૧૦ માં, સ્વર્ગવાસ ૧૭૪૯ માં.

For Private And Personal Use Only

સમ્રાટ અકબરપ્રતિબોધક શ્રી હીરવિજયજીસૂરીશ્વરજી મહારાજથી શ્રી યશોવિજયજી મહારાજની શિષ્ય પરંપરાનું વંશવૃક્ષ આ પ્રમાણે સમજવું.

**શ્રી વિજયહીરસૂરિમહારાજ**

- ઉપા૦-કલ્યાણ વિ૦
  - પં. લાભવિ૦ ગણિ
    - શ્રીજીતવિ૦
    - નયવિજયજી
      - શ્રીપદ્મવિ૦
      - ઉ. **શ્રી યશોવિજયજી**
        - પં. શ્રી ગુણવિજયજી
          - પં. કેસરવિજય
            - પં. વિનીતવિજય
              - દેવ વિ૦ ગણિ
- વિજયસેનસૂરિ
  - વિજયદેવસૂરિ
    - વિજયસિંહસૂરિ
    - વિજયપ્રભસૂરિ
      - ક્રિયોદ્ધારક પં. શ્રી સત્યવિજયજી
- ઉપા૦ કીર્તિવિ૦
  - ઉપા૦ વિનયવિ૦

(૩૩) એ પ્રમાણે તાર્કિકશિરોમણિ ન્યાયાચાર્ય ન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનું આ જીવનચરિત્ર-ઉપાધ્યાયજી મહારાજના સદ્‌ગુણોના અનુરાગથી અને તેમના અપાર જ્ઞાનાદિ ગુણોનું અનુકરણ કરવાની ઇચ્છાથી અતિસંક્ષેપમાં કહ્યું છે. વર્તમાન સમયમાં ઉપાધ્યાયજીનું અથથી ઇતિ સુધીનું સવિસ્તર યથાર્થ જીવનચરિત્ર મળતું નથી, જેથી જેટલું મળી શકે છે તેટલામાંથી ઉદ્ધરીને સારભૂત આ જીવનચરિત્ર બહુ ટૂંકમાં કહ્યું છે. આ સંક્ષિપ્ત જીવનચરિત્ર વાંચીને અથવા સાંભળીને અને તેવા ગુણોની સેવના કરીને હે ભવ્ય જીવો ! તમે પરમ ઉન્નતિ એટલે પરમ કલ્યાણને પામો !

(૩૪-૩૫) વિ. સં. ૧૯૯૩માં જે દિવસે શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રગટ થયું તે પવિત્ર દિવસે અતિ ઉત્તમ શ્રી જૈનશાસનની આરાધના કરવામાં રસિક એવો ઘણો શ્રાવક સમુદાય જેમાં વસે છે તે જૈનપુરી સરખા રાજનગર–અમદાવાદમાં પરમપૂજ્ય ગુરુવર્ય આચાર્ય શ્રી વિજયનેમિસૂરીશ્વરના શિષ્ય આચાર્ય વિજયપદ્મસૂરિએ પ્રિયંકરવિજયજી નામના સાધુને ભણવા માટે આ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના જીવનચરિત્રની રચના કરી.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે બનાવેલા ગ્રંથોની હકીકત એક સ્વતંત્ર નિબંધમાં જ આવી શકે એમ હોવાથી અહીં ન આપતા સ્વતંત્ર લેખરૂપે• હવે પછી–બનતી શકયતાએ આ માસિકના આવતા અંકમાં જ–આપવામાં આવશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર

**અંજનશલાકા તથા પ્રતિષ્ઠા—**

કોલ્હાપુરમાં પૂ. આ. મ. શ્રી વિજયપ્રેમસૂરિજી તથા પૂ. આ. શ્રી. વિજયરામચંદ્રસૂરિજી આદિની નિશ્રામાં ફાગણ સુદિ બીજના દિવસે શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની અંજનશલાકા કરવામાં આવી તથા ફાગણ સુદિ ત્રીજના દિવસે પ્રતિષ્ઠા કરવામાં આવી.

**પ્રતિષ્ઠા—**

[૧] આરંભડામાં મહાવદ ૬ના દિવસે પૂ. આ. શ્રી. વિજયભક્તિસૂરિજી આદિની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવી.

[ ૨ ] અમદાવાદમાં પંચભાઈની પોળમાં પૂ. મુ. શ્રી ઉત્તમવિજયજી આદિની નિશ્રામાં માહ વદિ ૧૦ શ્રી અનંતનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી.

[૩] અમદાવાદમાં નાગજી ભુદરની પોળમાં પૂ. આ. મ. શ્રી. વિજયલાવણ્યસૂરિજી આદિની નિશ્રામાં શેઠ કેશવલાલ હેમચંદ નવાબના ઘરદેરાસરમાં ફાગણ સુદિ ૩ શ્રી ધર્મનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી.

[૪] પીંપળગાંવમાં ફાગણ સુદિ ત્રીજના દિવસે પૂ. પં. શ્રી ધર્મવિજયજી આદિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરવામાં આવી.

[૫] રાજમહેન્દ્રીમાં માહશુદિ ૧૪ના દિવસે શ્રી વાસુપૂજ્ય સ્વામીના પ્રતિષ્ઠા કરવામાં આવી.

[૬] ખાનકાડોગરા [પંજાબ]માં મહા વદ ૬ ના દિવસે પૂ. આ. શ્રીવિજયવલ્લભસૂરિજી આદિની નિશ્રામાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરવામાં આવી.

**દીક્ષા—**

[૧] ઇંદોરમાં મહા સુદિ ૭ પૂ મુ. શ્રી. મંગલવિજયજીએ શેઠશ્રી તારાચંદભાઈને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુ. મ. ત્રિલોકવિજયજી રાખવામાં આવ્યું.

[૨] સુરતનિવાસી શેઠશ્રી જીવણચંદ ધરમચંદ ઝવેરીને મહા વદિ દસમના દિવસે પૂ મુ. શ્રી. દર્શનવિજયજીએ દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુ. શ્રી. જિનભદ્રવિજયજી રાખવામાં આવ્યું છે.

[૩] હિંગનઘાટમાં તા. ૧૪-૨-૪૧ ના દિવશે પૂ. ઉ. શ્રી. સુખસાગરજીએ અમરાવતીવાળા શેઠ કસ્તુરચંદજીને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુ. શ્રી કનકસાગરજી રાખીને તેમને ઉ. મહારાજના શિષ્ય બનાવવામાં આવ્યા.

[૪] રતલામમાં તા. ૨૧-૨-૪૧ પૂ મુ. શ્રી. વલ્લભવિજયજીએ બાલોદા નિવાસી ભાઈ રતનલાલજીને દીક્ષા આપી. દીક્ષિતનું નામ મુ. શ્રી. ભક્તિવિજયજી રાખવામાં આવ્યું.

**ગણિપદ—**

ચાંદરાઈમાં માહ શુદિ પાંચમે પૂ. પં. શ્રી. હિમ્મતવિમળજી ગણિએ પૂ. મુ શ્રી શાંતિવિમળજીને ગણિપદ આપ્યું.

**કાળધર્મ—**

પૂ. પ્ર. શ્રી. ચંદ્રવિજયજી મહારાજના શિષ્ય પૂ મુ. શ્રી સૂર્યોદયવિજયજી બાંધણીમાં કાળધર્મ પામ્યા.

For Private And Personal Use Only